**સુવિચાર**

ઈશ્વરીય નિયમ એવા છે કે આ જગતમાં શ્રમ વગર કશું પ્રાપ્ત થતું નથી.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૧૯/૧૧/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ કારતક વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૨૮૩

ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

**ઈમરજન્સી સારવાર**
24/7 Emergency Services

એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
• હૃદયરોગ - બીપી
• શ્વાસ દમ ન્યુમોનિયા
• પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
• ડાયાબીટીસ - કીડની
• લીવરની તકલીફ વગેરે

**ડો. રાજન કકૈયા**
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન

વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા

**નવજીવન** જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## જળાશયની જોખમી ગોળાઈની સમસ્યા આગામી દિવસોમાં થશે દૂર

# આનંદો : ઠેબી જળાશયથી નાના માચીયાળા સુધી ૧૦ મીટરનો માર્ગ બનશે

**સરદાર સર્કલથી ઠેબી જળાશય સુધીનો માર્ગ હજુ ૨ દિવસ પહેલા જ મંજૂર થયા બાદ આગળનો માર્ગ પણ પહોળો બનશે**

**છેલ્લા ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી ભયજનક ગોળાઈ ઉપર વાહનોની અવરજવર શરૂ રહી**

**ગીરીયા ખોડિયાર મંદિર કે ભીમનાથ મંદિર જતાં પદયાત્રીઓ સહિત તમામ વાહનચાલકોમાં ખૂશીનો માહોલ**

**રૂપિયા ૧૨.૭૫ કરોડની રકમ નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી સરકારે કરી મંજૂર**




અમરેલી, તા. ૧૮

અમરેલીનાં સરદાર સર્કલથી ઠેબી જળાશય સુધી ૩ દિવસ પહેલા રૂપિયા ૧૧ કરોડનાં ખર્ચે સિમેન્ટ રોડ બનાવવાની જાહેરાત નાયબ દંડક દ્વારા કરાયા બાદ આજે ઠેબી જળાશયથી નાના માચીયાળા સુધીનાં માર્ગને પહોળો કરવા માટે રાજય સરકારે ૧૨.૭૫ કરોડ રૂપિયા મંજૂર કરેલ છે.

અમરેલીનાં પાદરમાં ઠેબી જળાશય દાયકાઓ પહેલા બનતા તે સમયનો માર્ગ ડૂબમાં જતાં માર્ગને ગોળાઈ આપીને ખોડિયાર મંદિર નજીક જુના માર્ગ સાથે જોડી દેવામાં આવેલ. પરંતુ ગોળાઈનો માર્ગ બે વાહનો સામસામે મુસીબતે પસાર થાય તેટલો પહોળો હોવાથી દાયકાઓથી ખોડિયાર મંદિર કે ભીમનાથ મંદિર સુધી જતાં પદયાત્રીઓ, સાયકલપ્રેમીઓ તેમજ વાહનચાલકો પરેશાન હતા અને આ માર્ગને પહોળો કરવાની વર્ષો જુની માંગ નાયબ દંડકે પૂર્ણ કરતાં સૌ કોઈમાં હાશકારાની લાગણી ઉભી થઈ છે.

આ અંગે નાયબ દંડક કૌશિક વેકરિયાએ "અમરેલી એકસપ્રેસ"નાં તંત્રી મનોજ રૂપારેલને ગાંધીનગરથી મોબાઈલ ફોન કરીને "અમરેલી એકસપ્રેસ"માં માર્ગની પહોળાઈ વધારવાનાં જે અહેવાલ પ્રસિધ્ધ થયા તેની ગંભીરતા સમજીને ૧૦ મીટર પહોળો માર્ગ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરાવ્યો હોવાની સત્તાવાર જાણકારી આપી હતી.

## ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરથી માત્ર ૧૫૦ કિ.મી. દુર આવેલ

# વડિયાનાં મોરવાડા ગામની સીમમાંથી પોલીસે વિદેશી દારૂની ૩૯૮ બોટલો સાથે આરોપીની કરી અટકાયત

**સ્થાનિક પોલીસે રૂપિયા ૨.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**



વડિયા, તા. ૧૭

અમરેલી જિલ્લાના છેવાડાના સરહદી તાલુકા મથક એવા વડિયાના મોરવાડા ગામે મહેન્દ્ર ગભરૂભાઈ બસીયા નામનો શખ્સ પોતાની વાડીએ ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રાખી વેચતો હોવાની બાતમીના આધારે વડિયા પોલીસ દ્વારા ગત રાત્રીના બાતમીની જાગ્યા પર રેડ કરતા જુદી જુદી બ્રાન્ડની ૩૯૮ બોટલ ઈંગ્લીસ દારૂ મળી આવ્યો હતો જેમા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## નશો એ નાશનું મુળ કહેવત સાર્થક

# લીલીયાનાં સલડી ગામનાં યુવકે નશાની આદતથી કંટાળી ઝેર પી લીધુ

**રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૮

લીલીયા તાલુકાના સલડી ગામે રહેતા ભુપતભાઈ મનસુખભાઈ ચૌહાણ નામનાં ૪૦ વર્ષિય યુવકને કેફીપીણુ પીવાની ટેવ હોય. જેથી પોતે આ નશાની ટેવના કારણે કંટાળી જઈ અને પોતાની મેળે તા. ૧૬ના રોજ બપોરના આશરે પોણા એક વાગ્યાના અરસામાં પોતાના રહેણાંક મકાને કપાસમાં છાંટવાની ઝેરી દવા પીજતા તેમને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**66,700/-** (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૧૧/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
**બાલમુકુંદ** જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**
**રિસેપ્સનિસ્ટ** (લેડીઝ)
કમ્પ્યુટર તેમજ ૧૨ પાસ
પગાર ધોરણ :
૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

**ધારીનાં નવી વસાહત વિસ્તારમાં મોકાનાં ૨ મકાન વેચવાના છે**



ધારીના નવી વસાહતમાં ગણેશ સોસાયટી વિસ્તારમાં ૧૬.૩ X ૫૦ ફુટનાં ૨ મકાન કે જેમાં બે બેડરૂમ હોલ, કિચન, સહિતની સુવિધા અને આધુનિક સગવડ સાથેનાં ૨ મકાન વેચવાનાં છે.

: સંપર્ક :
**મહેશભાઈ સોડિંગલા**
મો. ૯૪૨૬૧ ૨૫૫૫૯
( અમરેલી )

## વિકાસ, વિકાસ, વિકાસની ગુલબાંગો વચ્ચેની વરવી વાસ્તવિકતા

# જાફરાબાદ પાલિકા પાસે ફાયર ફાઈટરની સુવિધા નથી

### પાલિકામાં વર્ષોથી એક જ પક્ષનું શાસન છતાં શહેરીજનોને લાભ મળતો નથી

### પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી પણ એક પક્ષનું શાસન છતાં પણ શહેરીજનો પરેશાન

### દરિયાકાંઠાનાં શહેરમાં પાલિકા હસ્તકનાં અનેક વિકાસ કાર્યો કરવાની જરૂરી

### શહેર કોંગ્રેસ પ્રમુખ હરેશભાઈ બાંભણીયાએ પાલિકાનાં શાસકોની પોલ ખોલી

જાફરાબાદ, તા. ૧૮

જાફરાબાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હરેશભાઈ બાંભણિયાએ જણાવ્યું છે કે, જાફરાબાદ શહેરના પીપળીકાંઠા વિસ્તારમાં તાજેતરમાં એક બોટ માલિકના ઝૂંપડામાં આગ લાગતાની સાથે ધીમે ધીમે આજુબાજુના ઝૂંપડાઓમાં વિકરાળ આગ ફેલાયેલી અને તેની અંદર રહેલો ગેસનો બાટલો બ્લાસ્ટ થતાં આગે ખૂબ જ વીકરાળ રૂપ ધારણ કર્યું હોય અને



જાફરાબાદના ખારવા સમાજના અગ્રણી અને જાફરાબાદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પણ ત્યાં આવી ગયેલા અને પબ્લિક પણ મોટી સંખ્યામાં ભેગી થયેલી હોય. પરંતુ નગરપાલિકા પાસે ફાયર ફાઈટર ન હોવાથી આજુબાજુની સિન્ટેકસ કંપની અને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાંથી ફાયર ફાઈટર બોલાવી આગને કાબૂમાં લીધી પણ આ બોટ માલિકના ઝૂંપડાઓ બળીને ખાક થયેલા અને ઝૂંપડામાં રહેલો માલસામાન, ઘર વખરી પણ બળી ગયેલ હતી અને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયેલું. પરંતુ સદનસીબે કોઈ જાનહાની થયેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, જાફરાબાદ નગરપાલિકામાં વર્ષોથી ભાજપની સત્તા હોય પરંતુ સામાન્ય જનતાનું કોઈ પણ અધિકારી કે પદાધિકારી સાંભળવા તૈયાર નથી અને સામાન્ય માણસોનું કામ કોઈ કરવા તૈયાર નથી. અને જાફરાબાદ નગરપાલિકામાં વર્ષોથી એકના એક સભ્યો ચૂંટાતા હોય અને અમુક સભ્યો દ્વારા નગરપાલિકાના જેસીબી, નગરપાલિકાના ટ્રેકટરો અને નગરપાલિકાના માણસોનો પોતાના વ્યકિતગત કામ માટે ઉપયોગ કરતા હોય પણ સામાન્ય જનતા જયારે પોતાના કામ માટે જાય ત્યારે અધિકારીઓ દ્વારા તેમને ઉડાઉ જવાબ આપી અને તેમના કામ કરવામાં આવતા નથી.

વર્ષોથી જાફરાબાદ નગરપાલિકા ભાજપ પ્રેરિત નગરપાલિકાની બોડી સત્તા પર હોય છતાં પણ નાના માણસોનું આજ દિન સુધી ખ્યાલ રાખવામાં આવ્યો નથી. આથી હવે લોકો જાગૃત થયેલા હોય તેથી આવનારી નગરપાલિકાની ચૂંટણીમાં તેનો મૂહતોડ જવાબ આપશે. તેવું જાફરાબાદ શહેરના કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું છે.

### લાયસન્સની શરતોનો ભંગ થયો

## ચલાલામાંથી બાયોડીઝલનું ગેરકાયદેસર રીતે થતું વેચાણ ઝડપાયું

અમરેલી, તા. ૧૮

ચલાલામાં દાનેવ સોસાયટીમાં રહેતા જયરાજભાઈ અમકુભાઈ માંજરીયાએ મીઠાપુર (ડુંગરી) ગામે ચલાલા-બગસરા રોડ ઉપર આવેલ ઓમ એન્ટરપ્રાઈઝ નામના ડેલામા એલ.ડી.ઓ. જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહીનુ ઈન્ડસ્ટ્રીયલ હેતુના કામ માટે વેચાણ કરવાના કામે લાયસન્સ મેળવી સદર જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી બાયોડીઝલનુ વાહનોમા ઈંધણ તરીકે પૂરી પૂરાવી ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોય. જેથી લાયસન્સ મેળવવા બાબતની શરતોનો ભંગ કરી સરકાર સાથે ગુનાહીત વિસઘાત કરી સદર ઓમ એન્ટરપ્રાઈઝના ડેલામાં ફાયર સેફટીના કોઈપણ સાધનો નહી રાખી સદર જવલનશીલ પદાર્થો અંગે નિષ્કાળજી રાખી પોતાનો આર્થિક ફાયદો મેળવી આરોપી ચલાલા ગામે રહેતા કીરીટભાઈ રાજેશભાઈ સનુરા તથા સુખદેવ બીલામ ગેહલોત મદદગારી નામનાં આરોપીએ મદદગારી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની સફળ રજૂઆતથી


## અમરેલી-કુંકાવાવ વિધાનસભા વિસ્તારમાં માર્ગો માટે ૧૫૭ કરોડની રકમ મંજૂર

### રાજયનાં મુખ્યમંત્રીએ મંજૂરીની મહોર મારી

અમરેલી, તા. ૧૮

અમરેલી-કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય કૌશિક વેકરિયાએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને મત વિસ્તારના સ્ટેટ રોડ અને મુખ્ય જીલ્લા માર્ગના રોડ પહોળા કરવા ચાર માર્ગીય બનાવવા તથા મજબૂતિકરણ કરવા માટે કરેલી રજૂઆતના પરિણામે મુખ્યમંત્રીએ અમરેલી વિધાનસભા ક્ષેત્રના કુલ ચાર કામ માટે રૂપિયા ૧૫૭ કરોડ અને ૪૫ લાખ જેવી માતબર રકમ મંજૂર કરી છે. જેથી કહી શકાય કે તાજેતરની મુખ્યમંત્રીની અમરેલીની મુલાકાતો વિસ્તારને ફળી છે.

અમરેલી કુકાવાવ વડિયા ૨૬ કિલોમીટરની લંબાઈનો સ્ટેટ હાઈવે હયાત પહોળાઈ સાડાપાંચ મીટરમાંથી દસ મીટરની કરવા સાથે વાઈડનીંગ રીસર્ફેસિંગ સીસી રોડ પ્રોડકશનની કામગીરી સાથે મંજૂર





કરતા રૂપિયા ૬૭.૫૦ કરોડની ફાળવણી કરી છે.

અમરેલી નાના આંકડિયા ચિતલ રોડ ૧૬.૫ કિલોમીટરનો રસ્તો ૩.૭૫ મીટરમાંથી ૭ મીટર કરવા સાથે વાઈડનીંગ, સરફેસિંગ, સી.સી. રોડ, કોઝવેની જગ્યાએ નવા સ્ટ્રકચર તેમજ રોડ ફર્નિચરના કામ માટે ૪૧ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ચિતલ રાંઢીયા લુણીધાર ૧૧ કિ.મી.નો રસ્તો જે ૩.૭૫ મીટર હતો, એમાંથી ૭ મીટર કરવા સાથે સ્ટ્રકચર વાઈન્ડિંગ કન્ટ્રકશા કામ માટે રૂ. ૩૬ કરોડ ૨૦ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

બાબરા ચિતલ અમરેલી સ્ટેટ હાઈવે નાનામાચિયાળા બાયપાસથી ઠેબી ડેમના પાળા સુધીનો હયાત રસ્તો ફોર લેન કરવાનું કામ રૂ. ૧૨ કરોડ ૭૫ લાખના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે.

આમ ઉપર મુજબના કામો મંજુર થતાં જીલ્લાના રસ્તાઓની સ્થિતિમાં સુધારો થશે અને પ્રજાજનોને ખરાબ રસ્તાઓની હાડમારીમાંથી મુકિત મળશે.

### આગામી ૧૬ ફેબ્રુઆરીનાં રોજ

## ચલાલા ખાતે સર્વજ્ઞાતીય સમૂહ લગ્નનું ગાયત્રી પરિવાર દ્વારા આયોજન

### સંસ્થાનાં વડા રતિદાદાનો સંપર્ક કરો

ચલાલા, તા. ૧૮

ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ, ધારી રોડ, ચલાલા ખાતે સર્વજ્ઞાતિય સમુહ લગ્નોત્સવ તા. ૧૬/૨/૨૫ને રવિવારના રોજ યોજાશે.

આ સમૂહલગ્નોત્સવનું નોંધણી કાર્ય શરૂ છે. તો દરેક જરૂરિયામંદ લોકોને વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવી આ સમૂહ લગ્નોત્સવનો લાભ લેવા સંસ્થાની યાદીમાં જણાવ્યું છે.

- સંતો મહંતો રૂડા આશીર્વાદ આપશે.
- આ સમૂહ લગ્નોત્સવમાં જોડાનાર દરેક દીકરીઓને જુદા જુદા દાતા તરફથી ૧૩૦ ઉપરાંત વસ્તુઓ કરિયાવાર રૂપે આપવામાં આવશે.
- વિદેશથી ખાસ મહેમાનો ઉપસ્થિત રહેશે.
- આવેલ તમામ મહેમાનો માટે ભોજન સહીત ઉતારાની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે.
- લગ્ન પછી કુવરબાઈનુ મામેરૂ



૧૨૦૦૦ અને સાત ફેરા સમૂહ લગ્નના ૧૨૦૦૦ મળે તેના કાગળોની વ્યવસ્થા કરવામાં આવશે.

આ સમૂહ લગ્નોત્સવમાં જોડાવા માટે વર - કન્યાના જન્મ તારીખના ઓરીજનલ દાખલા, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટા - ૨ વગેરે જરૂરી કાગળોનું લિસ્ટ લઈ વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરાવવા સંસ્થાના વડા રતિદાદાની યાદીમાં જણાવાયું છે.

## રાજય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠનના મહામંત્રી તરીકે દેવભાઈ વરૂની નિમણૂંક

અમરેલી, તા. ૧૮

ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજના નવનિયુકત પ્રમુખ સત્યજીત કુમાર ખાચર જસદણ દરબાર દ્વારા ગુજરાત કાઠી ક્ષત્રિય સમાજના સંગઠનની કમિટી બની રહી છે તેમાં દેવભાઈ વરૂની મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે સ્વ.પ્રતાપબાપુ સુરીગબાપુ વરૂ વર્ષો સુધી ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ તરીકે સેવા બજાવી અડધી રાતનો હોંકારો બની કાઠી સમાજના અનેક કામો કરેલા તેમના પૌત્ર દેવભાઈ વરૂની નિમણૂક થતા દરેક સમાજમાં સારૂ એવું નામ ધરાવતા નિખાલસ વ્યક્તિત્વ દેવભાઈ વરૂની નિમણૂક થતા



અભિનંદનની વર્ષા સંતો મહંતો કાઠી સમાજના યુવાનો વડીલો રાજકીય આગેવાનો અન્ય સમાજના રાજકીય આગેવાનો દ્વારા ટેલીફોનિક અને રૂબરૂ શુભેચ્છા દેવભાઈ વરૂને પાઠવી રહ્યા છે

### અગાઉના મનદુઃખનાં કારણે

## ખાંભાનાં કંટાળા ગામનાં યુવકે ઘરમાં પ્રવેશ કરીને મહિલાની છેડતી કરી

### પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના કંટાળા ગામે રહેતા અને સેન્ટીંગ કામ કરતાં હરેશભાઈ નારણભાઈ સરવૈયા નામનાં ૨૮ વર્ષિય યુવકની શેરીમાં તે જ ગામે રહેતો આરોપી મહેશભાઈ રાજાભાઈ રાઠોડ મોટર સાયકલ લઈ આવતો હોય. જેથી યુવકે તેને એકાદવાર તે બાબતે ઠપકો આપેલ હતો. તે બાબતું મન દુઃખ રાખી આરોપી છરી લઈ યુવકના રહેણાંક મકાને ગેરકાયદે અપ્રવેશ કરી યુવક તથા તેમના પરિવારના તમામ સભ્યોને જેમફાવે તેમ ગાળો આપી તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત અને અપમાનીત કરી છરીથી મારી નાખવાની ધમકી આપી યુવકના બા ઉપર નિર્લજ હુમલો કરી પોલકુ (બ્લાઉઝ) ખેંચી તેમની સાડી પકડી છેડતી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### બે પુરૂષ અને એક મહિલા રીક્ષા લઈને નિકળેલ

## રાજુલાનાં ચાંચબંદર ગામનાં વૃધ્ધને રીક્ષામાં બેસાડીને ૧૦ હજારની ઉઠાંતરી

### પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા

અમરેલી, તા. ૧૮

રાજુલા તાલુકાના ચાંચબંદર, ફુલવાડી વિસ્તારમાં રહેતા મગનભાઈ નાનજીભાઈ ચૌહાણ નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ડ્રાઈવર ગત તા.૧૨ ના સાંજના આશરે ચારેક વાગ્યાની આસપાસ પોતાની રીક્ષાના સ્પેરપાર્ટ લઈને ચાલીને ગેરેજ જતા હોય. તે વખતે સરકારી હોસ્પિટલની સામે આવેલ રોડ ઉપર વૃધ્ધ ડ્રાયવર પહોંચતા તેમની પાસે એક રીક્ષા ઉભી રહેલ અને આ રીક્ષાના ચાલકે વૃધ્ધને રીક્ષામાં બેસવાનુ કહેતા વૃધ્ધ ડ્રાયવર રીક્ષામાં બેસી ગયેલ અને તે રીક્ષામાં ડ્રાઈવર તથા પાછળની સીટમાં એક પુરૂષ તથા એક મહિલા એમ ત્રણ જણા બેસેલ હોય અને રીક્ષામાં પાછળની સીટમા બેસેલ વ્યકિતએ વૃધ્ધની નજર ચુકવી વૃધ્ધના પેન્ટના ખીસ્સામાં રાખેલ રૂપિયા ૧૦,૦૦૦ કાઢી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ બનાવમાં રાજકોટના રણુજા મંદિર સામે, લાપાસકી રોડ, વેલનાથપરામાં રહેતા દિપક ઉર્ફે રૂત્વીક કરમશીભાઈ સોલંકી તથા રાજકોટના વાણીયા વાડી મેઈનરોડ અવંતીકા પાર્કની બાજુમાં રહેતા જેનીશ રાજેશભાઈ ચૌહાણ નામનાં બે આરોપીને પોલીસે ઝડપી લીધેલ છે.

### સ્થાનિક પોલીસે દરોડો પાડતા

## સાવરકુંડલા : કાનાતળાવનાં જુના કેડે જુગાર રમતાં અર્ધો ડઝન પત્તાપ્રેમી ઝડપાયા

### ૨ પત્તાપ્રેમીઓ નાસી છુટતા તપાસ શરૂ

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા ગામે રહેતા અનિલભાઈ બાલુભાઈ શિયાળ, મનીષભાઈ નવીનભાઈ અધ્વર્યુ, હિતેષભાઈ સવજીભાઈ વાણીયા, નરેશભાઈ મનસુખભાઈ વૈરાગી, વિજયભાઈ શંભુભાઈ મકવાણા તથા લાલાભાઈ ભાભલુભાઈ મેવાડા નામના છ ઈસમો કાનાતળાવ ગામના જુના કેડે નહેરામાં જાહેરમાં પૈસા તથા તીનપત્તી નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૨૨૩૦ના મુદામાલ સાથે દરોડા દરમ્યાન ઝડપાય ગયા હતા. તથા આરોપી મનીષ વલકુભાઈ ધોલકીયા તથા નિકુંજ દિલીપભાઈ નાસી જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# રાજુલા શહેરમાં દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સમૂહ લગ્ન યોજાયા









રાજુલા શહેરમાં દશનામ ગોસ્વામી સમાજ સહુ પ્રથમ વાર ભવ્ય સમૂહ લગ્નનું આયોજન રાજુલા ખાતે કરવામાં આવ્યું જેમાં મહામંડલેશ્વર તેમજ અખાડાઓના સાધુ સંતો ઉપસ્થિત રહ્યા અને સમગ્ર નવ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા. રાજુલા શહેરમાં પ્રથમ વખત દશનામ ગોસ્વામી સમાજ દ્વારા દશનામ ગોસ્વામી સમાજના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નવદંપતીઓ પ્રભુતાના પગલાં માંડ્યાં હતાં આ સમૂહ લગ્નમાં પાંચ દીકરીઓ એવી હતી કે જેમાં પિતા નાં હોઈ તેવી દીકરીના લગ્ન આ કાર્યક્રમ હોય ત્યારે સમગ્ર સાધુ સંતો એ પોતાનો રાજીપો વ્યક્ત કરેલો રાજુલામાં પ્રથમવાર દશનામ ગોસ્વામી સાધુ સમાજના ભવ્ય સમૂહ લગ્નનું આયોજનમાં મહંત ઈન્દ્રભારતી મહારાજ, શ્રી પંચદશનામ જુના અખાડા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઋદ્રેશ્વર જાગીર ઘાટવડ ને અધ્યક્ષતામાં ભવ્યથી ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં શ્રી પંચદશના જુના અખાડાના અનંત વિભૂતિ શ્રી શ્રી ૧૦૦૮ જગતગુરૂ ગર્ગાચાર્ય પીઠા ધીઈશ્વર મહેન્દ્ર આનંદગીરીજી મહારાજ શ્રી પંચદશનામ જુના અખાડા જુનાગઢ શ્રી શ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ જય અંબાનંદગીરીજી શ્રી પંચદશનામ જુના અખાડામાં હિંગળાજ આશ્રમ રાજથલી ગીર ખાસ ઉપસ્થિત રહ્યા હતા રાજુલામાં આ સમૂહ લગ્નમાં આટલા બધા સંતો એ હાજરી આપી તેવો આ પહેલો પ્રસંગ ઉજવાયો આ સમૂહ લગ્નમાં સમગ્ર દાતા ઓનું સન્માન કરવામાં આવેલ રાજુલામાં પહેલી વાર આવો કાર્યક્રમ યોજાયો કે જેમાં નવ દંપતિઓને આશીર્વાદ આપવા માટે સાધુ સંતો તેમજ વિવિધ અગ્રણીઓ દ્વારા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા આ સમૂહ લગ્નમાં હજારોની માનવ મેદની સંતોના દર્શન માટે તેમજ દીકરીઓને આશીર્વાદ આપવા ઉમટી પડેલા સમગ્ર સમૂહ લગ્નના કાર્યક્રમ ને સફળ બનાવવા દશનામ ગોસ્વામી સમાજના વડીલ માર્ગદર્શકો તેમજ યુવા કાર્યકર્તાઓ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં તમામ દીકરીઓનાં વિદાઈ સમયે આ જગ્યા એ એક ભાવ વિભોર દ્રશ્યો જોવા મળેલા અને તમામને લોકોમાં એક બાજુ સમાજ દ્વારા આ સારા પ્રસંગે ખુશી અને બીજી બાજુ દીકરીઓના આ વિદાઈના આંસુ જોવા આવ્યા જોકે દીકરીની વિદાય વખતે હંમેશા આંસુ જ હોય છે પરંતુ જયારે આવેલા મહેમાનો તેમજ આગેવાનોની આંખોમાં પણ આંસુ જોઈને આ એક અનોખો માહોલ જોવા મળ્યો કાર્યક્રમ ના અંત માં સાધુ સંતો ના વિદાઈ સમયે એક નાની એવી દીકરી એ શિવ તાંડવ નૃત્ય રજૂ કરેલું જયારે આ શિવ તાંડવ મૃત્યુ નિહાળવા માટે સાધુ સંતોએ સ્ટેજ મૂકી અને આ નૃત્ય નિહાળવા માટે તમામ સાધુ સંતો નીચે જમીન ઉપર પોતાનું આશ્રમ ગ્રહણ કરેલું ત્યારે આ પહેલી એવી ઘટના હશે કે જેમાં આ મહાન વિભૂતિઓએ આ જમીન ઉપર બેઠા હોય આ કાર્યક્રમ માં નવદંપતીઓને રૂપિયા છ લાખનો લાઈફ ઈન્સ્યોરન્સના વીમો પણ આપવામાં આવ્યો.

## ૧૯૬ ગામનાં નાગરિકો ઈકોઝોનની લડતમાં સામેલ થયા

# જો ઈકોઝોન નાબૂદ ન થાય તો પરમિટથી થતાં સિંહદર્શન બંધ કરાવીશું

**આમ આદમી પાર્ટીનાં નેતા પ્રવિણ રામની રાહબરી હેઠળ ખેડૂતોની ઐતિહાસિક રેલી યોજાઈ**

**ભાલછેલ હેલિપેડ ગ્રાઉન્ડથી વિશાળ ટ્રેકટર રેલીએ સાસણ તરફ કૂચ કરી**

**વનવિભાગનાં અધિકારીને ઈકોઝોન નાબૂદ કરવા માટે આવેદનપત્ર પાઠવ્યું**

**સોમનાથ ખાતે યોજાનાર ભાજપની ચિંતન શિબિરમાં ઈકોઝોન પ્રશ્ને ચિંતન કરવા માંગ**









અમરેલી, તા. ૧૮

સૌરાષ્ટ્રના ગીર વિસ્તારમાં વગર ચૂંટણીએ માહોલ ગરમ છે કારણકે સરકારે ગીર વિસ્તારના જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના ૧૯૬ ગામડાઓ માટે ઈકોઝોનનું જાહેરનામું બહાર પાડયું હતું. આ જાહેરનામું બહાર પાડતા જ ઈકોઝોન માટે લડત લડનાર આપ નેતા પ્રવીણ રામેર ઓકટોમ્બર અને ગાંધીજયંતીના દિવસથી અનેક પ્રોગ્રામો જાહેર કરી ઈકોઝોન વિરૂદ્ધ આંદોલનનું બ્યુગલ ફૂકયું હતું. ૨ ઓકટોબરે સરપંચોના ઈકોઝોન વિરૂદ્ધના ઠરાવો, નવરાત્રી અને દિવાળીમાં વિરોધો અને સભાઓ અને રેલીઓના આપ નેતા પ્રવીણ રામની રાહબરી હેઠળ સફળ આયોજન થયા હતા.

ત્યારે આજરોજ ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામની રાહબરી હેઠળ ગીરના તમામ ૧૯૬ ગામમાંથી લોકો જેમ કીડીયારૂં ઉભરાય એ રીતે હજારોની સંખ્યામાં સવારે ભાલછેલ હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે લોકો એકઠા થયા હતા. હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આપ નેતા પ્રવીણ રામ, ગોપાલ ઈટાલિયા, પરેશભાઈ ગોસ્વામી, રાજુભાઈ, કરશનબાપુ ભાદરકા તેમજ અન્ય આગેવાનોએ હાજર તમામ લોકોને ઈકોઝોન માટે માહિતી આપી સરકારને આ કાયદો નાબૂદ કરવા માટે ચેતવણી આપી હતી. ત્યારબાદ ભાલછેલ હેલિપેડ ગ્રાઉન્ડથી વિશાળ ટ્રેકટરો સાથે હજારોની સંખ્યામાં લોકોએ સાસણ તરફ કૂચ કરી હતી. સાસણ પહોંચ્યા બાદ ફોરેસ્ટના જવાબદાર અધિકારીને ઈકોઝોન નાબૂદ કરવા માટેનું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પરંતુ આ ટ્રેકટર રેલીમાં એટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા કે જેમના કારણે સાસણનાં તમામ રસ્તાઓ બ્લોક થયા હતા અને અમુક સમય માટે સાસણની બજારો ઠપ્પ થઈ હતી. સમગ્ર સૌરાષ્ટ્ર અને ગીરના ઈતિહાસમાં કદાચ ખેડૂતોની આ ઐતિહાસીક રેલી હતી.

આ વિશાળ ટ્રેકટર રેલીમાં ઈકોઝોનની લડતના પ્રણેતા પ્રવીણ રામે આગામી રણનીતિ જાહેર કરતા કહ્યું કે સરકાર જો આ જાહેરનામું નાબૂદ નહિ કરે તો આગામી દિવસોમાં રસ્તા પરની લડાઈની સાથે સાથે કાયદાકીય લડાઈ લડવામાં આવશે, જો ઈકોઝોન નાબૂદ ના કરે તો આગામી દિવસોમાં રાજકીય લડાઈ લડી ગીર વિસ્તારમાંથી ભાજપને નાબૂદ કરવામાં આવશે. આ બાબતે પ્રવીણ રામે હાજર રહેલ ગીરના લોકોને પૂછતા ગીરના લોકોએ જ ભાજપને નાબૂદ કરવાની વાતમાં સમર્થન આપ્યું હતું.

જો ઈકોઝોન નાબૂદ ના કરે તો પરમીટથી થતા સિંહદર્શનને અટકાવવામાં આવશે., જો ઈકોઝોન નાબૂદ ના કરે તો રેવન્યુ વિસ્તારમાં સિંહે કરેલા મારણને ફોરેસ્ટના અધિકારીઓ લઈ જઈને રૂટના સિંહોને ખવડાવી સીધા પૈસા ઉધારી ભ્રષ્ટાચાર કરે છે એ બંધ કરાવવામાં આવશે., વનવિભાગ દ્વારા થતા તમામ કામોમાં આરટીઆઈ કરી ફોરેસ્ટ વિભાગના અને ભાજપ સરકારના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવશે.

આ તમામ ચિમકીઓ આપી આપનેતા પ્રવીણ રામે પણ જણાવ્યું કે હમણાં ટૂંક સમયમાં સોમનાથ ખાતે ભાજપની ચિંતન શિબિર છે ત્યારે આ ચિંતન શિબિરમાં ઈકોઝોન માટે ચિંતન થાય અને ભાજપ આ કાયદો નાબૂદ કરે અન્યથા ગીરની પ્રજા આપને ચિંતન કરવા જેવા નહિ રેવા દે તેમ અંતમાં જણાવેલ છે.

### ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજના સંગઠને કરી માંગ

# કાઠી ક્ષત્રિય સમાજનાં શૈક્ષણિક સંકુલ હેતુસર ગાંધીનગર આસપાસ જમીન ફાળવો

**રાજયમાં મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો**

રાજકોટ, તા. ૧૭

ગુજરાત રાજય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠને રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવીને ગાંધીનગર આસપાસ કાઠી ક્ષત્રિય સમાજ માટે શૈક્ષણિક હેતુસર જમીન ફાળવવામાં માંગ કરેલ છે.

સંગઠનના પ્રમુખ દ.શ્રી સત્યજીતકુમાર ખાચર ઉપપ્રમુખ જયરાજભાઈ વિકમા અને સેક્રેટરી અમ.ડી.માંજરીયા દ્વારા પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે અમારા સમાજના વિદ્યાર્થીઓને ભણાવવા તથા રહેવા (હોસ્ટેલ), જમવા તથા કલાસીસ તથા લાઈબ્રેરી વિગેરે માટેનું સંકુલ ગાંધીનગર ખાતે ઉભું કરવા માંગીએ છીએ.

જમીનની માંગણી મોજે ગામ – કોબા (તા.જી. ગાંધીનગર) સર્વે ન. ૨૩૬ની નિયમ નમૂનામાં ફોર્મ તથા જરૂરી ડોકયુમેન્ટ સાથે સરકાર કલેકટર, ગાંધીનગર સમક્ષ રજુ કરવામાં આવેલ હતું.

સવાલવાળી અમારી તા. ૧૧/૯/૨૩ તથા ૨૦/૯/૨૩ના અરજીના સંદર્ભે આપેલ જવાબ અન્વયે કલેકટર ગાંધીનગર દ્વારા તા. ૩૦/૯/૨૩ સરકારએ અમારી માંગણી વાળી જમીન ગાંધીનગર ખાતે બઈહઈખઈ પોલીસ વિભાગને ફાળવાનો લેટર અમારી સંસ્થાને મળેલ છે.

ઉપર મુજબ તમામ વિગતો ધ્યાને લઈ અમારી માંગણીવાળી અરજી ફેર વિચારણમાં લઈ, અમોને ગાંધીનગરની આસપાસ અન્ય જગ્યાએ શૈક્ષણિક સંકુલ બનાવવા માટેના હેતુસર આશરે ચો.મી. ૪૦૦૦ સરકારી જમીન ફાળવવા અમારી ઉકત અરજીને ફેર વિચારણામાં લઈ તાત્કાલિક ધોરણે ફાળવવા અંતમાં માંગ કરેલ છે.

## ખાંભા : તા. ૨૭ નવેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ નવેમ્બર, ૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૨૨ નવેમ્બર, ૨૪ સુધીમાં ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

















### મલ્લિકાર્જુન ખડગેએ સાંગલીમાં એક જનસભાને સંબોધિત કરી

# કોંગ્રેસ પ્રમુખ ખડગેએ ભાજપ RSSને ઝેરી સાપ ગણાવ્યા

### ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સેવા સંઘની સરખામણી ઝેર સાથે કરતાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, આવા ઝેરી સાપને મારી નાખવો જોઈએ

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્ર વિધાન સભાની ચૂંટણી ૨૦ નવેમ્બરના રોજ યોજાશે ત્યારે આજે ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ છે. ચૂંટણી પ્રચાર દરમિયાન આરોપ-પ્રત્યારોપ પણ ચરમસીમાએ છે. રવિવારે એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ-આરએસએસ વિશે એવી વાત કરી કે હંગામો થઈ ગયો. એટલું જ નહીં ખડગેએ પીએમ મોદી માટે વાંધાજનક ભાષાનો પણ ઉપયોગ કર્યો હતો. આ નિવેદન પછી સ્વાભાવિક રીતે જ હોબાળો થઈ ગયો છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે સાંગલીમાં એક જનસભાનું સંબોધન કરતી વખતે ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સેવા સંઘની સરખામણી ઝેર સાથે કરતાં કહ્યું હતું કે, આવા ઝેરી સાપને મારી નાખવો જોઈએ. એટલું જ નહીં, પરંતુ ખડગેએ ભાજપ અને આરએસએસને રાજનૈતિક રૂપે સૌથી ખતરનાક પણ ગણાવ્યા હતા. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'દેશમાં જો કોઈ રાજકીય રીતે સૌથી ખતરનાક છે તો તે ભાજપ-આરએસએસ છે. આ બંને ઝેર સમાન છે. જો કોઈ વ્યક્તિને સાપ કરડે તો તે મૃત્યુ પામે છે. આવી સ્થિતિમાં ઝેરી સાપને મારી નાખવો જોઈએ.'

વડાપ્રધાન મોદી પર નિશાન સાધતાં ખડગેએ કહ્યું કે, મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી છે, આ દેશના વડાપ્રધાનને પસંદ કરવાની ચૂંટણી નથી, પરંતુ પીએમ મોદીની સત્તાની ભૂખ હજુ સંતોષાઈ નથી. હવે કોંગ્રેસ અધ્યક્ષના નિવેદન પર રાજકીય જંગ છેડાઈ ગયો છે.

ભાજપ પર કટાક્ષ કરતાં કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, મહારાષ્ટ્ર ચૂંટણીમાં પ્રચાર કરનારા નેતાઓની સંખ્યા તેના ઉમેદવારોની સંખ્યા કરતાં વધારે છે. પીએમ મોદી સંઘર્ષ સામે ઝઝૂમી રહેલા મણિપુરની મુલાકાત ન લેતા વિદેશ યાત્રા કરવામાં વધુ વ્યસ્ત છે. પીએમ મોદી ગઈકાલ સુધી અહીં હતા. આજે તેઓ વિદેશમાં છે. મણિપુર સળગી રહ્યું છે, લોકો મરી રહ્યા છે, આદિવાસી મહિલાઓનું અપમાન થઈ રહ્યું છે અને મહિલાઓ પર બળાત્કાર થઈ રહ્યો છે, પરંતુ મોદીજીએ ક્યારેય મણિપુરની મુલાકાત લીધી નથી.

આ દરમિયાન ખડગેએ વધુમાં કહ્યું કે, આજે પણ તેઓ એક દેશની મુલાકાતે છે. હું તેમને કહેવા માંગુ છું કે તેઓ પહેલાં તેમના ઘરની સંભાળ રાખે. પહેલાં દેશને મજબૂત બનાવો પછી અન્ય દેશોની મુલાકાતે જાઓ. ભારતના દષ્ટિકોણથી, ખડગેએ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયા અને ચીનના રાષ્ટ્રપતિ સાથેની વડાપ્રધાનની બેઠકના પરિણામો પર પણ સવાલો ઉઠાવ્યા હતા. એટલું જ નહીં, કોંગ્રેસ અધ્યક્ષે ઉત્તર પ્રદેશના ઝાંસીની હૉસ્પિટલમાં આગની ઘટનાને લઈને પણ સીએમ યોગી પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે હૉસ્પિટલમાં આગમાં ૧૦ બાળકોના મોત થયા છે. આમ છતાં મહારાષ્ટ્રમાં તેમની જાહેરસભાઓ બંધ થઈ ન હતી.

### જેપી નડ્ડાએ આપ્યો વળતો જવાબ

# રાહુલ ગાંધીએ મોદીના નારાની મજાક ઉડાવતા જે.પી.નડ્ડાને આવ્યો ગુસ્સો

### રાહુલ ગાંધી અવારનવાર બંધારણ લઈ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે પરંતુ તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે : નડ્ડા

મુંબઈ, તા.૧૮

ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાએ સોમવારે મહારાષ્ટ્રમાં આયોજિત રેલીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. નડ્ડાએ રાહુલના એક હે તો સેફ હૈ સૂત્ર પર ઉડાવવામાં આવેલા મજાક પર રોષ ઠાલવતા કહ્યું છે કે, વડાપ્રધાન મોદીના એક હે તો સેફ હેનો અર્થ જ્યાં સુધી આપણે સૌ સાથે છીએ, ત્યાં સુધી તમામ સુરક્ષિત છીએ એવો છે. રાહુલે અર્થનો અનર્થ કર્યો છે. વાસ્તવમાં રાહુલની પ્રેસ કોન્ફરન્સમાં મહા વિકાસ અઘાડીના એક સાથી ઉપસ્થિત ન હતાં. તેનો અર્થ એ થયો કે, તે એકલા છે ત્યારે જ સુરક્ષિત છે.રાહુલ ગાંધી હંમેશા એકલા જ રહે છે, એટલે તેમને લાગે છે કે, તે સુરક્ષિત છે.તેઓએ પહેલાં કોંગ્રેસના નેતાઓને એકજૂટ કરવા જોઈએ, ત્યારે જ તે દેશની એકતા અને સુરક્ષાની વાતો કરી શકશે. તેમના જ ગઠબંધનની બેઠકોમાં ઘણી વખત નેતાઓ ગેરહાજર હોય છે.નડ્ડાએ જણાવ્યા મુજબ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અવારનવાર બંધારણ લઈ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. પરંતુ તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે પોતે બંધારણનું પુસ્તક વાંચ્યુ પણ નથી. બસ, તેઓ તેને સાથે રાખી ફરતા રહે છે. વધુમાં કહ્યું, 'ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણમાં લખ્યું હતું કે ધર્મના આધારે અનામત આપી શકાય નહીં, પરંતુ આજે કોંગ્રેસ પાર્ટી કર્ણાટકમાં ખાનગી કોન્ટ્રાક્ટરોને ટેન્ડર આપવામાં લઘુમતીઓને ચાર ટકા અનામત આપી રહી છે.'ભાજપ અધ્યક્ષે કહ્યું કે આર્થિક નીતિના મોરચે વિશ્વને વડાપ્રધાન મોદીમાં આશાનું કિરણ દેખાઈ રહ્યું છે.૧૦ વર્ષ પહેલાં ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની ૧૨મી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી, પરંતુ પીએમ મોદીએ તેને ૫માં સ્થાને લાવી દીધું.તમે મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બનાવો અને મોદીના ત્રીજા કાર્યકાળમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.'

### મહારાષ્ટ્રમાં ભાઈનો ભાઈ પર મોટો હુમલો

# રાજ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને ગદ્દાર ગણાવ્યા

### બધાએ ઉદ્ધવ ઠાકરેના કારણે શિવસેના છોડી : જેઓ શિવસેના છોડીને ગયા તે ગદ્દાર નથી, અસલી ગદ્દાર ઉદ્ધવ ઠાકરે છે

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ શિવસેના યુબીટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની જોરદાર ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે બધાએ ઉદ્ધવ ઠાકરેના કારણે શિવસેના છોડી. જેઓ શિવસેના છોડીને ગયા તે ગદ્દાર નથી, અસલી ગદ્દાર ઉદ્ધવ ઠાકરે છે. મહારાષ્ટ્રની આજની રાજકીય સ્થિતિ માટે ઉદ્ધવ ઠાકરે જવાબદાર છે. આ પહેલા પણ રાજ ઠાકરે ઘણા અવસરોએ ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધી ચૂક્યા છે. જ્યારે શિવસેના યુબીટી તરફથી રાજ ઠાકરેને નિશાન બનાવવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા જ શિવસેના યુબીટી સાંસદ સંજય રાઉતે કહ્યું હતું, "રાજ ઠાકરેએ એવું કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસના આગામી મુખ્યમંત્રી બનવા સાથે મહાયુતિ સરકાર સત્તામાં પાછી ફરશે? શું ઈડી, સીબીઆઈ જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓનું કોઈ દબાણ છે?" સંજય રાઉતે મહાયુતિની વાપસી અંગે રાજ ઠાકરેના વિશ્વાસની મજાક ઉડાવતા ભવિષ્યવાણી કરી કે ભાજપ ૫૦ બેઠકો પણ મેળવવામાં નિષ્ફળ જઈ શકે છે, જ્યારે એમએનએસને ૧૫૦ બેઠકો મળી શકે છે. તેમણે કહ્યું કે જો ભાજપ નવેમ્બર પછી નવી સરકાર બનાવવા માંગે છે અથવા તેનો ભાગ બનવા માંગે છે, તો તેણે તેની વ્યૂહરચના પર પુનર્વિચાર કરવો પડશે.રાઉતે મનસે અને ભાજપ બંને પર કટાક્ષ કરતા કહ્યું, "તો આવા કિસ્સામાં રાજ ઠાકરે મુખ્યમંત્રી બનવા જોઈએ. અમે છેલ્લા ૨૫ વર્ષોથી રાજ્યની રાજનીતિમાં આ મજાક જોઈ રહ્યા છીએ. આ હાસ્યાસ્પદ છે." રાજ ઠાકરેની ટીકા કરતા, રાઉતે પૂછ્યું કે મનસે પ્રમુખનો વિચાર કેવી રીતે બદલાયો છે, જ્યારે તેમણે પહેલા કહ્યું હતું કે ફડણવીસ કે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની મદદ કરવી એ આ રાજ્યના લોકોનું અપમાન છે. તેમણે એટલે સુધી કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાહને મહારાષ્ટ્રમાં પગ મૂકવાની મંજૂરી નહીં આપવી જોઈએ કારણ કે તેઓ મરાઠીઓના દુશ્મન છે.મહારાષ્ટ્રમાં 'બટેંગે તો કટેંગે'ની રાજનીતિ જોર પકડી રહી છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા આપવામાં આવેલો આ સ્લોગન હવે મહારાષ્ટ્રની ચૂંટણીમાં પણ લોકપ્રિય થઈ રહ્યો છે. ભાજપના નેતા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ સૂત્રને સમર્થન આપ્યું છે, જેના પર હવે શિવસેના યુબીટી ચીફ ઉદ્ધવ ઠાકરેએ વળતો પ્રહાર કર્યો છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, જો તમે મહારાષ્ટ્રમાં ભાગલા પાડવાનો પ્રયાસ કરશો તો અમે ચોક્કસ ભાગલા પાડીશું. હવે બીજેપી નેતા કિરીટ સૌમૈયાએ આ અંગે પ્રતિક્રિયા આપી છે.

### મહારાષ્ટ્રના રાજકારણ પર રાહુલ ગાંધીનો કટાક્ષ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઔર અદાણી એક હૈ, તો સૈફ હૈ

### રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કર્યો : આ દરમિયાન અદાણી અને પીએમ મોદી પર નિશાન સાધ્યું

મુંબઈ, તા.૧૮

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે હવે માત્ર બે દિવસનો સમય રહ્યો છે. રાજ્યમાં ૨૦ નવેમ્બરના રોજ મતદાન થશે અને ૨૩ નવેમ્બરના રોજ ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે. આજે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થઈ જશે. રાહુલ ગાંધી આજે મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતાં તેમણે અદાણી અને પીએમ મોદી પર નિશાન સાધ્યું છે.

રાહુલ ગાંધીએ રાજ્યની મહાયુતિ તથા કેન્દ્રની NDA સરકાર પર આરોપ લગાવતાં કહ્યું હતું, કે 'મહારાષ્ટ્રની વર્તમાન સરકારે ફોક્સકોન, એરબસ જેવા સાત લાખ કરોડ રૂપિયાના રોકાણ મહારાષ્ટ્રથી ઝૂંટવીને ગુજરાત ટ્રાન્સફર કર્યા. જેના કારણે મહારાષ્ટ્રના લોકોની નોકરી છીનવાઈ ગઈ છે.' રાહુલ ગાંધીએ આ દરમિયાન અદાણી અને પીએમ મોદી પર નિશાન સાધતાં કહ્યું કે, 'પીએમ મોદીએ ચૂંટણીનો નારો આપ્યો છે. તેમણે કહ્યું છે કે, એક હૈ તો સૈફ હૈ. તેમના આ નારાથી માત્ર એક જ વ્યક્તિ સાથે મતલબ છે.' આટલું બોલીને તેમણે પીએમ મોદી અને અદાણીનું પોસ્ટર બતાવ્યું હતું. આમ ફરી એક વખત કોંગ્રેસે વડાપ્રધાન મોદીના 'હમ એક હૈ, તો સેફ હૈ' નિવેદનને યાદ કરી ભાજપને આડે હાથ લીધી હતી.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ મુદ્દે પણ રાહુલ ગાંધીએ વડાપ્રદાન મોદી પર નિશાન સાધતાં કહ્યું કે, 'ભાજપ મુંબઈમાં ધારાવીની જમીન માત્ર એક જ વ્યક્તિને આપવા માગે છે. આ જ કારણોસર તે આ પ્રોજેક્ટને લઈને આવી રહી છે. ભાજપ અહીં સ્થિત નાના ઉદ્યોગોને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેઓ બધું માત્ર એક જ વ્યક્તિના હાથમાં આપવા માગે છે.' ધારાવીના વિકાસને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમારી પાસે ધારાવીના વિકાસને લઈને યોજના છે. અમે અહીંના લોકોને ધ્યાનમાં રાખીને પ્લાન બનાવીશું. અમે માત્ર કોઈ એક વ્યક્તિના કહેવા પર પ્લાન નહીં બનાવીએ. અહીં પૂરનો મુદ્દો પણ છે. આપણે તેના પર પણ કામ કરવાનું છે.'

### સરકારે પેન્શનના નિયમોમાં કર્યો મોટો ફેરફાર

# રિટાયર તમામ કર્મચારીઓએ પેન્શન મેળવવા માટે હવે ફોર્મ ૬-એ ભરવું પડશે

### કેન્દ્રની નોકરીમાંથી રિટાયર થનારા કર્મચારીઓના હવે કાગળ પર લખીને જમા કરાતી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકારના કાર્યાલયોથી રિટાયર તમામ કર્મચારીઓએ પેન્શન મેળવવા માટે હવે ફોર્મ ૬-એ ભરવું પડશે. આ ફોર્મ ભવિષ્ય કે ઈ-એચઆરએમએસ ૨.૦ પોર્ટલ દ્વારા ફક્ત ઓનલાઈન ભરી શકાય છે. પેન્શન પ્રક્રિયા સંલગ્ન આ નવો નિયમ દેશમાં ૬ નવેમ્બરથી લાગૂ થઈ ગયો છે. કેન્દ્ર સરકારની નોકરીમાંથી રિટાયર થનારા કર્મચારીઓના હવે કાગળ પર લખીને જમા કરાતી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે. મીડિયા રિપોર્ટ મુજબ આ જાણકારી ભારત સરકારના કાર્મિક લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય હેઠળ આવતા પેન્શન એન્ડ પેન્શનર્સ વેલફેર ડિપાર્ટમેન્ટ દ્વારા એક નોટિફિકેશનમાં અપાઈ છે. પહેલા પેન્શન માટે અરજી કાગળ પર લખીને કરી શકાતી હતી પરંતુ હવે કેન્દ્ર સરાકારની નોકરીઓમાંથી રિટાયર થઈ રહેલા કર્મચારીઓ માટે પેન્શન માટે ઓનલાઈન પેન્શન ફોર્મ ભરવું પડશે. આ નવો નિયમ સરકારી પ્રક્રિયાઓને ડિજિટલ બનાવવા માટે એક મોટા પગલાંનો હિસ્સો છે. કેન્દ્ર સરકારની નોકરીઓમાંથી રિટાયર થનારા કર્મચારીઓ માટે તે ૧૬ નવેમ્બરથી ઉપલબ્ધ છે. આ માટે ૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જે ઓનલાઈન પોર્ટલ પેન્શન પ્રક્રિયાને સરળ અને વધુ પ્રભાવી બનાવવા માટે બનાવવામાં આવ્યું છે. આ ફેરફાર હેઠળ પેન્શન પ્રક્રિયાને વધુ સુચારુ રૂપથી ચલાવવા માટે સંબંધિત અધિકારીઓને તાલિમ પૂરી પાડવાની છે. આ તાલિમ સત્ર કાર્યાલયના પ્રમુખો અને નોડલ અધિકારીઓને નવી સિસ્ટમનો ઉપયોગ કરવાની રીતને સમજવામાં મદદ કરશે. તાલિમ કાર્યક્રમ જલદી શેર કરાશે. તમામ સરકારી મંત્રાલયો અને વિભાગોને નિર્દેશ અપાયા છે કે તેઓ સુનિશ્ચિત કરે કે આ નવો નિયમ તમામ કર્મચારીઓ સુધી પહોંચે અને તમામ લોકો પેન્શન દાવા માટે નવી પ્રક્રિયાનું પાલન કરે. રિટાયર થનારા કર્મચારીની સુવિધા માટે સરળીકૃત પેન્શન ફોર્મ ૬-એ તૈયાર કરાયું છે. આ ફોર્મ છ, આઠ, ચાર, ત્રણ, એ, ફોર્મેટ ૧, ફોર્મેટ ૯, એફએમએ અને ઝીરો ઓપ્શન ફોર્મને ભેગુ કરીને તૈયાર કરાયું છે. આ માટે સીસીએસ પેન્શન નિયમ ૨૦૨૧ના નિયમ ૫૩, ૫૭, ૫૮,૫૯, ૬૦ માં ફેરફાર કરાયો છે. વ્યય વિભાગ, વિધિ અને ન્યાય વિભાગ, લેખા મહાનિયંત્રણક, ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક, કાર્મિક અને તાલિમ વિભાગ જેવા તમામ પક્ષોની સલાહ બાદ આ સંશોધનને નોટિફાય કરાયું છે. કેન્દ્ર સરકારની નોકરીમાંથી રિટાયર થનારા કર્મચારીઓ માટે પેન્શન ફોર્મ ૬એ 'ભવિષ્ય' કે ઈ-એચઆરએમએસ પોર્ટલ પર એકીકૃત કરાયું છે. 'ભવિષ્ય' પોર્ટલ પેન્શન અને પેન્શનર્સ વેલફેર ડિપાર્ટમેન્ટની એક પહેલ છે. જે હેઠળ પ્રયત્ન થી રહ્યા છે કે રિટાયર થનારા સરકારી કર્મચારીઓને રિટાયરમેન્ટના દિવસે જ તમામ બાકી પેમેન્ટ અને પેન્શન પેમેન્ટ ઓર્ડર મળી જાય.

### ચૂંટણી પંચે ભાજપનો આપ્યો મોટો ઝટકો

# JMM-કોંગ્રેસની ફરિયાદ પર જાહેરાત હટાવવાના આદેશ

### ભાજપની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું "સમગ્ર ઝારખંડની કાયાપલટ કરી દઈશું તેના પર કાર્યવાહી કરાઈ

નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય ચૂંટણી પંચે કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાની ફરિયાદ પર ઝારખંડ ચૂંટણી કમિશનરને નિર્દેશ આપ્યો કે તેઓ રાજ્ય ભાજપની સોશિયલ મીડિયા ટીમના એક્સ અને ફેસબુક પેજ પર મૂકવામાં આવેલી જાહેરાત પર કાર્યવાહીના નિર્દેશો જારી કરે. ભાજપની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું "સમગ્ર ઝારખંડની કાયાપલટ કરી દઈશું." કેન્દ્રીય ચૂંટણી પંચે જણાવ્યું કે કોંગ્રેસ અને ઝારખંડ મુક્તિ મોરચાની ફરિયાદ જોયા બાદ ચૂંટણી પંચે જોયું કે પ્રારંભિક રીતે ઝારખંડ ભાજપ દ્વારા જારી કરવામાં આવેલી આ જાહેરાત આચાર સંહિતાનું ઉલ્લંઘન છે.કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્ય ચૂંટણી કમિશનરને કહ્યું કે તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને જાણ કરે કે આ એડને હટાવવામાં આવે. સાથે જ રાજ્ય ભાજપને નિર્દેશ આપે કે આ એડને જ્યાં પણ જારી કરવામાં આવી છે તેને તાત્કાલિક હટાવવામાં આવે.રિપોર્ટ મુજબ, કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ભાજપની ઝારખંડ યુનિટ પર સોશિયલ મીડિયા પર "ખોટી અને ગેરમાર્ગે દોરતી" માહિતી ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે આ સંબંધમાં ફોજદારી કેસ નોંધાયો હોવા છતાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) આવા "વિભાજનકારી" અભિયાનમાં સામેલ છે.જયરામ રમેશે 'એક્સ' પર એક પોસ્ટમાં ફરિયાદ શેર કરતા કહ્યું કે આ પાર્ટીના અધિકૃત ફેસબુક અને 'એક્સ' હેન્ડલ પર અપલોડ કરવામાં આવેલી "ભાજપની ખોટી, ગેરમાર્ગે દોરતી અને કોમવાદી" સોશિયલ મીડિયા પોસ્ટ્સ વિરુદ્ધ આયોગને કોંગ્રેસ તરફથી કરવામાં આવેલી બીજી ફરિયાદ છે. કોંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો, "ફોજદારી કેસ નોંધાયો હોવા છતાં ભાજપે પોતાની અગાઉની સોશિયલ મીડિયા પોસ્ટ્સ હટાવી નથી. તેઓ સ્પષ્ટપણે ઝારખંડમાં પોતાનું કોમવાદી અને વિભાજનકારી અભિયાન ચાલુ રાખ્યું છે."તેમણે કહ્યું, "અમને આશા છે કે ચૂંટણી પંચ ભાજપના પદાધિકારીઓ, જેમાં તેમના સોશિયલ મીડિયા પ્રભારી પણ સામેલ છે, તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે."કોંગ્રેસ નેતાએ ભાજપની ઝારખંડ યુનિટ પર સોશિયલ મીડિયા પર એક વીડિયો અપલોડ કરવાનો પણ આરોપ લગાવ્યો, જેમાં દશ્ય ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ના એક સમર્થકના ઘરથી શરૂ થાય છે, જેમાં એક ચોક્કસ સમુદાયના પુરુષો, મહિલાઓ અને બાળકોને ખૂબ ખરાબ સ્થિતિમાં બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રમેશે આરોપ લગાવ્યો, "વીડિયોનો દુર્ભાવનાપૂર્ણ ઉદ્દેશ્ય અને સંદેશ ખૂબ જ સ્પષ્ટ છે."

### કંગના રણૌતે કરી જાહેરાત

# ઈમરજન્સી ફિલ્મ આગામી વર્ષે ૧૭ જાન્યુઆરીએ રિલીઝ થશે

### ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે

મુંબઈ, તા.૧૮

કંગના રણૌતની મચ-અવેટેડ ફિલ્મ ઈમરજન્સીને ફાઈનલી તેની રિલીઝ ડેટ મળી ગઈ છે. ચાહકો લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. હવે કંગનાએ ચાહકોની આતુરતાનો અંત લાવતા ફિલ્મની રિલીઝ ડેટની જાહેરાત કરી છે. એક્ટ્રેસે જણાવ્યું કે, ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા લીલી ઝંડી મળી ગઈ છે અને હવે આ ફિલ્મ આગામી વર્ષે ૧૭ જાન્યુઆરીના રોજ રિલીઝ થશે.

કંગનાએ રિલીઝ ડેટની જાહેરાત પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કરી છે અને જણાવ્યું કે, ફિલ્મની રિલીઝ ડેટ આવી ગઈ છે. ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ – દેશની સૌથી શક્તિશાળી મહિલાની મહાકાવ્ય ગાથા અને તે ક્ષણ જેણે ભારતનું ભાગ્ય બદલી નાખ્યું. માત્ર સિનેમામાં ઈમરજન્સી પરથી પડદો હટશે.

એક્ટ્રેસે આ સાથે જ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક ફોટો પણ અપડેટ કર્યો છે, જ્યાં તે શુભારંભ કરતી નજર આવી રહી છે. ઈમરજન્સીના સેટ પરથી લેવામાં આવેલ આ તસવીરમાં કંગના હાથ જોડીને પ્રણામ કરતી દેખાઈ રહી છે. બાકીના ક્રૂ પણ તેની સાથે પ્રણામ કરતા નજર આવી રહ્યા છે. કંગનાની આ જાહેરાતથી ફેન્સનું એક્સાઈટમેન્ટ લેવલ હાઈ થઈ ગયું છે. કંગનાના હોમ પ્રોડક્શન બેનર મણિકર્ણિકા ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મના નિર્દેશનની જવાબદારી પણ અભિનેત્રીએ પોતે જ લીધી છે. તેના માટે પ્રોજેક્ટનું સફળ થવું કેટલું જરૂરી છે તે કોઈનાથી છુપાયેલ નથી. ફિલ્મની રિલીઝ ડેટ સતત મુલતવી રાખવાથી કંગના લાંબા સમયથી મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. આખરે હવે તેનો રસ્તો સાફ થતો નજર આવી રહ્યો છે.

તમને જણાવી દઈએ કે, ફિલ્મ ઈમરજન્સી પહેલા ૧૪ જૂન, ૨૦૨૪ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ કંગનાના રાજકીય પ્રચાર અભિયાનને કારણે તેણે તેને ટાળી દેવી પડી હતી. ત્યારબાદ તેની રિલીઝ ડેટ ૬ સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી હતી, પરંતુ આ વખતે ફિલ્મ પર ઉઠાવવામાં આવેલા અનેક ઓબ્જેક્શનને તેના પ્રોજેક્શન પર ગ્રહણ લગાવી દીધું. કારણ કે આ ફિલ્મ ઈન્દિરા ગાંધી અને દેશમાં લાગેલી ઈમરજન્સીની સ્ટોરી પર આધારિત છે, તેના પર તમામ સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

ફિલ્મ લાંબા સમય સુધી વિવાદોમાં ફસાયેલી રહી અને સેન્સર બોર્ડમાં જ અટકી રહી હતી. ફિલ્મ વિરુદ્ધ શીખ સંગઠનોના વિરોધ બાદ ફિલ્મની રિલીઝ પોસ્ટપોન કરી દેવામાં આવી હતી. શીખોનો આરોપ હતો કે ફિલ્મે તેમના સમાજની ખોટી છબી રજૂ કરી છે. ફિલ્મનું ટ્રેલર ૧૪ ઓગસ્ટના રોજ બહાર આવ્યું હતું, ત્યારથી ફિલ્મને લઈને વિવાદ ઉભો થયો હતો. પંજાબમાં ફિલ્મના વિરોધમાં દેખાવો થયા હતા અને તેના પર પ્રતિબંધ લગાવવાની માગ કરવામાં આવી હતી.

### મુર્શિદાબાદના બેલડાંગા વિસ્તારોમાં બે કોમની વચ્ચે અથડામણ થઈ

કોલકાતા, તા.૧૮

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં ફરી એકવાર કોમી હુલ્લડ ફાટી નીકળ્યા છે. મુર્શિદાબાદના બેલડાંગા વિસ્તારોમાં બે કોમ વચ્ચે અથડામણ થતાં જિલ્લામાં બીએનએસની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ મામલે પોલીસે ૧૭ લોકોની ધરપકડ પણ કરી છે. એક ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર કથિત આપત્તિજનક સંદેશના કારણે આ હિંસા શરૂ થઈ હોવાનું જાણવા મળ્યું છે.પોલીસ અધિકારીએ જણાવ્યા અનુસાર, બેલડાંગામાં કાર્તિક પૂજા પંડાલની નજીક બનાવવામાં આવેલા કામચલાઉ ગેટ પર લગાવેલા ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર હિન્દુ-મુસ્લિમ વચ્ચે લડાઈ કરાવવાના અર્થે ધર્મ વિરોધી સંદેશના કારણે અથડામણ સર્જાઈ હતી. જેમાં મુસ્લિમ સમુદાયના એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર લોકોને ઉશ્કેરવા ધર્મ વિરોધી નિવેદનો રજૂ કરી હિન્દુઓને ધમકી આપી હતી.વિવાદ સર્જાતા બંને સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. જેમાં પથ્થરમારો અને હથિયારો વડે તોડફોડ કરવામાં આવી હતી. જેમાં દેશી બોમ્બ પણ ફેંકવામાં આવ્યા હતાં. પોલીસે સવાર સુધીમાં સ્થિતિ કાબૂમાં લીધી હતી. જો કે, વિસ્તારમાં તણાવનો માહોલ જોવા મળ્યો છે. મુર્શિદાબાદના બેલડાંગા અને કાજીસાહા અને બેગુરબન વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવામાં આવી છે. હિંસાના કારણે સિયાલદહથી મુર્શિદાબાદ જતી ભાગીરથી એક્સપ્રેસ કલાકો સુધી ફસાઈ હતી. ભાજપે આ ઘટના મુદ્દે મમતા બેનરજીની સરકાર પર નિશાન સાધ્યું હતું. તૃણમૂલ કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું હતું કે, સ્થિતિ હાલ કાબુમાં છે.

### TMKOC ના સેટ પર ગરમાગરમી

# દિલીપ જોશીએ આસિત મોદીનો પકડ્યો કોલર

### આ ઘટના ઓગસ્ટની શરૂઆતમાં બની હતી : સેટ પર રજાને લઈને દિલીપ અને અસિત વચ્ચે ઉગ્ર બોલાચાલી

મુંબઈ, તા.૧૮

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' લોકોનો ફેવરિટ ટીવી શો છે. આ શો છેલ્લા એક દાયકાથી વધુ સમયથી દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. આ શોમાં દિલીપ જોશી જેઠાલાલનું પાત્ર ભજવે છે, જેને ખૂબ પસંદ કરવામાં આવે છે. આ દરમિયાન દિલીપ જોશી અને નિર્માતા અસિત મોદીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. તાજેતરમાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મામલો એટલો વધી ગયો કે દિલીપ જોશીએ અસિત મોદીનો કોલર પણ પકડી લીધો.આ ઘટના ઓગસ્ટની શરૂઆતમાં બની હતી. સેટ પર રજાને લઈને દિલીપ અને અસિત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સૂત્રએ જણાવ્યું કે દિલીપે અસિત સાથે થોડા દિવસની રજા માટે વાત કરી, પરંતુ નિર્માતાએ તેની અવગણના કરી. જેના કારણે દિલીપ જોશી ગુસ્સે થઈ ગયા હતા. બંને વચ્ચે ઝપાઝપી પણ થવાની હતી.

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોના નિર્માણ સાથે સંકળાયેલા એક સૂત્રએ કહ્યું, 'કુશ શાહના શૂટિંગનો છેલ્લો દિવસ હતો. દિલીપ જી રાહ જોઈ રહ્યા હતા કે અસિત ભાઈ આવે અને તેમની સાથે રજાઓ વિશે વાત કરે. પણ અસિત ભાઈ આવતાં જ તેઓ સીધા કુશને મળવા ગયા. દિલીપજીને આ વાત ગમી નહીં.'સૂત્રે વધુમાં કહ્યું કે, 'અસિત મોદીના આ વર્તનથી દિલીપ જી ખૂબ ગુસ્સે થઈ ગયા અને પછી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. દિલીપજીએ અસિત મોદીનો કોલર પણ પકડી લીધો અને શો છોડી દેવાની ધમકી પણ આપી. જોકે, અસિતભાઈએ તેમને શાંત પાડ્યા હતા. અમને ખબર નથી કે બંનેએ તેમના મતભેદોને કેવી રીતે ઉકેલ્યા.'

### ઈમિગ્રેશન નિયમોમાં ઢીલ, અપાશે ૨ લાખથી વધુ વિઝા

જર્મની, તા.૧૮

જર્મની છેલ્લા કેટલાક સમયથી મજૂરોની અછતને કારણે આર્થિક ક્ષેત્રમાં સંકટનો સામનો કરી રહ્યું છે. આ સંકટને ધ્યાનમાં રાખીને જર્મની સરકારે ગયા વર્ષે પણ પોતાના શ્રમ બજારને વધારવા માટે ઈમિગ્રેશન નિયમોમાં પણ રાહત આપી હતી. તે હજુ પણ કામદારોની અછતનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં હવે જર્મની સરકારે શ્રમિક વિઝાની કુલ સંખ્યા વધારવાનો નિર્ણય લીધો છે. સરકારે આ માહિતી આપી હતી. આ નિર્ણય અનુસાર સરકારે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે (૨૦૨૪) તેમાં ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જર્મની સરકાર દ્વારા લેવામાં આવતા ભારતના લોકો માટે આ સારા સમાચાર છે. આ નિર્ણયથી ભારતીયોને ફાયદો થઈ શકે છે.DWના રિપોર્ટ મુજબ, જર્મન સરકારે ગયા વર્ષે કેનેડાથી પ્રેરિત એક પોઈન્ટ બેસ્ડ સિસ્ટમને અપનાવી હતી. જે ઓપોર્ચ્યુનિટી કાર્ડ તરીકે ઓળખાયમાં આવે છે. આ હેઠળ વ્યાવસાયિકો અને યુનિવર્સિટીના સ્નાતકો માટે દેશમાં પ્રવેશ અપાવવા, અભ્યાસ કરવા અને કામ શોધવામાં વધુ સરળ બનાવે છે. આનાથી બિન-યૂરોપીય સંઘના દેશોના કુશળ કામદારોને તેમની લાયકાત ઓળખ્યા વિના જર્મનીમાં પ્રવેશવાની મંજૂરી મળે છે. જર્મન સરકારના ત્રણ મંત્રાલયોએ સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે. જેમાં તેમણે કહ્યું કે આ વર્ષના અંત સુધીમાં લગભગ ૨ લાખ પ્રોફેશનલ વિઝા જારી કરવામાં આવશે. વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં આ વર્ષે તેમાં ૧૦ ટકાનો વધારો થયો છે. આના કારણે નોન-ઈયુ દેશોના વિદ્યાર્થીઓને આપવામાં આવતા વિઝામાં ૨૦ ટકાનો વધારો થયો છે.જર્મનીના ગૃહમંત્રી નેન્સી ફેસરે કહ્યું, 'પ્રતિભાશાળી યુવા જર્મનીમાં પોતાનો અભ્યાસ અને ટ્રેનિંગ સૌથી વધુ સરળતાથી પૂર્ણ કરી શકે છે. ઓપ્પુર્ચિનિટી કાર્ડ કુશળ લોકોને સરળતાથી નોકરી મેળવવાની તક આપે છે. જ્યારે, મંત્રી એનાલેના બેયરબોકે આ સુધારાઓની પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે આનાથી દેશમાં કામદારોની અછતને દૂર કરવામાં મદદ મળશે.

# બગસરા : રામદેવપીર મંદિર દ્વારા રક્તદાન અને સર્વ રોગ મેડિકલ કેમ્પ યોજાયો




બગસરામાં રામદેવપીર મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત રક્તદાન કેમ્પ ફ્રી સર્વ રોગ લેબોરેટરી દવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બગસરાના આસપાસના લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો શ્રીમતી શાંતાબેન હરિભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શાંતા બા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ જાતના ડોક્ટરો હાજર રહ્યા હતા અને આવેલ દર્દીને સારવાર આપી હતી. તેમ રામદેવપીર મંદિરના બગસરાના મહંત ઘુસા ભગત યાદીમાં જણાવ્યું હતું.

## અમરેલી જિલ્લા માહિતી ખાતા તરફથી વાંકીયા ગામે પ્રાકૃતિક ખેતી વિશે લોક ડાયરો યોજાયો

### ગામજનોએ મનભરીને ડાયરાનો લાભ લીધો

સાવરકુંડલા, તા. ૧૮

પ્રાકૃતિક ખેતી અને રાજયની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષય પરત્વે લોકોની સુખાકારી વધે તે માટે સાંસ્કૃતિક લોકડાયરાનું અમરેલી જિલ્લામાહિતી કચેરી તરફથી આયોજન કરવામાં આવે આવેલ તે મુજબ લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશી અને તેમના કલાકારોને ટીમ દ્વારા અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં પ્રાથમિક શાળામાં લોક ડાયરાનું આયોજન કરવામાં આવેલ ગ્રામ લોકો સરપંચ, ગ્રામ પંચાયતના મંત્રી, તેમજ ગ્રામ્ય આગેવાનો તરફથી ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો જેના કારણે સાંસ્કૃતિક કાર્યક્રમ લોકોએ મન ભરીને માણ્યો કલાકારો સર્વશ્રી રમેશભાઈ વાઘેલા તેમજ ઉર્વશીબેન બારોટ દ્વારા લોક સાહિત્ય, લોકગીતો, આરોગ્ય સુખાકારી, તેમજ વિવિધ યોજનાઓ વિશે ગીતો અને વાતો રજૂ કરી સેના પ્રિય બન્યા. લોકડાયરાનો રાત્રિનો સમય ઠંડીમાં કેમ પસાર થયો તે લોકસાહિત્યની વાતોમાં તરબોળ બનેલ મહાનુભાવોને ખબર પણ ન પડી.



## મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત અમરેલી : આઈ.ટી.આઈ ખાતે યુવાઓને મતદાર મહોત્સવમાં ભાગ લેવા માટે માહિતગાર કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા

### નવેમ્બરની તા.૨૩ અને તા.૨૪મીએ યોજાશે ખાસ ઝુંબેશ

અમરેલી, તા.૧૮

તા. ૧.૧.૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. સ્વીપ એક્ટિવિટી અન્વયે આઈ.ટી.આઈ અમરેલી ખાતે યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવાઓને માહિતગાર કરીને જાગૃત્ત કરવામાં આવ્યા હતા.

અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરૂર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www. voterportal.eci.gov.in www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે.

ખાસ બાબત છે કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર-૨૪ માસની, તા. ૨૩ શનિવાર, તા.૨૪ રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક-મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. આથી અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને મતદાતા યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અમરેલી જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારને શ્રદ્ધાંજલિ પાઠવાઈ ટ્રાફિક શાખા, આરટીઓ અને ૧૦૮ ટીમ દ્વારા વિશ્વ સંભારણા દિવસની ઉજવણી

### આકસ્મિક સંજોગોમાં ૧૦૮ પર કોલ કરી શકો

અમરેલી, તા. ૧૮

વિમાં દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે એટલે કે ૧૭ નવેમ્બર ૨૪ના વર્લ્ડ રીમેમ્બરેન્સ દિવસ એટલે કે વિ સંભારણા દિવસ મનાવવામાં આવે છે જે અંતર્ગત આજરોજ અમરેલી જિલ્લા ખાતે અમરેલી ૧૦૮, ખિલખિલાટ, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, ૧૯૬૨ એનીમલ હેલ્પલાઈન અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ જેવી વિવિધ ટીમો તેમજ અમરેલી આરટીઓ ટીમના સહિયારા ઉપક્રમે આજરોજ વિ સંભારણા દિવસ નિમિત્તે ખાસ કરીને માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી અને આમ જનતાને ટ્રાફિકના નિયમો જેમ કે સીટબેલ બાંધવા, ઓવર સ્પીડ પરના ચલાવવા, હેલ્મેટ પહેરવા વગેરે જેવા સલામતીના નિયમોનું પાલન કરવા માટે અમરેલી આરટીઓ ઈન્સ્પેકટર પી.આર. પઢીયાર દ્વારા સુચનો આપ્યા હતા. તેમજ આજના આ દિવસ નિમિત્તે હાજર રહેલ તમામ લોકો દ્વારા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને સલામતીના ભાગરૂપે ૧૦૮માં કોલ કરી અકસ્માતમા ઘવાયેલા લોકોની મહામૂલી જિંદગી બચાવવા અને મદદ કરવા માટે પ્રતિજ્ઞા લેવાય હતી. તેમજ કોઈપણ અકસ્માત સર્જાય તો તુરંત ૧૦૮ પર કોલ કરી ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની મદદ કરી મહામૂલી જિંદગી બચાવવામાં મદદરૂપ થવા ૧૦૮ જિલ્લા અધિકારી દ્વારા વિનંતી કરાઈ હતી.



## જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ પાણીયા ખાતે ૭૧માં અખીલ ભારતીય સહકાર સપ્તાહ અતંર્ગત સહકારી સેમિનાર યોજાયો

### સહકારી ક્ષેત્રનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

અમરેલી, તા. ૧૮

ગુજરાત રાજય સહકારી સંઘના દિશાનિર્દેશો અનુસાર અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા પાણીયા ખાતે ૭૧માં અખીલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું જેમાં યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા ઉદ્યોગસાહિસકતા, રોજગાર અને કૌશલ્ય વિકાસનાં સંવર્ધનમાં સહાકારિતાની ભૂમિકા વિશે માહિતી આપી હતી. આ અવસરે અમરેલી જીલ્લા સહકારી સંઘના ડાયરેકટર હરેશભાઈ પટોલિયા, અમરેલી જીલ્લા સહકારી સંઘ યુવા સમિતિના ડાયરેકટર રાજભાઈ જાની, રવિભાઈ પંડયા, નીરવભાઈ ગોંડલિયા, એકિઝકયુટિવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદી, FPOના CEO ગોપેશભાઈ ગજેરા અને સહકારી અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.




## ગેહલોતને કાનૂની પ્રેક્ટિસમાં ૧૬ વર્ષથી વધુનો અનુભવ કૈલાશ ગેહલોતે આપ પાર્ટી છોડી ભાજપ પાર્ટીમાં પ્રવેશ કર્યો

### કૈલાશ ગેહલોત ભાજપમાં જોડાયા ત્યારે દિલ્હી પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ તેમનું સ્વાગત કર્યું હતું

નવી દિલ્હી, તા.૧૮

દિલ્હી સરકારમાં મંત્રી રહી ચૂકેલા કૈલાશ ગેહલોતે રવિવારે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી ભાજપ સાથે જોડાઈ ચુક્યા છે. કૈલાશ ગેહલોત દિલ્હીમાં આમ આદમી પાર્ટીમાં ગૃહ, પરિવહન, આઈટી અને મહિલા અને બાળ વિકાસ સહિત ઘણા મોટા વિભાગોનો હવાલો સંભાળતા હતા. કૈલાશ ગેહલોત ભાજપમાં જોડાયા ત્યારે દિલ્હી પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ તેમનું સ્વાગત કર્યું હતું. સચદેવાએ કહ્યું કે કૈલાશ ગેહલોત યુવા અને ગ્રામીણ વિસ્તારોમાં તેમના ઉત્તમ કાર્ય માટે જાણીતા છે. ગામના જાણીતા ચહેરા તરીકે ગેહલોત ભાજપમાં જોડાયા છે. તેમજ ભાજપ સાથે હાથ મિલાવવાનો કૈલાશ ગેહલોતનો અનુભવ દિલ્હીના લોકો માટે ઉપયોગી થશે.'

કૈલાશ ગેહલોતે આ પ્રસંગે કહ્યું કે, 'હું કોઈપણ દબાણ વગર ભાજપમાં જોડાયો છું. હું સેવા કરવા માટે રાજકારણમાં આવ્યો હતો. હવે ભાજપ દ્વારા મને જે પણ ભૂમિકા આપવામાં આવશે હું તે ભજવીશ.' કૈલાશ ગેહલોતે પોતાના પર લાગેલા આરોપો વિષે સ્પષ્ટતા કરતા કહ્યું, આમ આદમી પાર્ટી છોડીને જવું સરળ નહોતું. આપમાં પરિસ્થિતિ અનુકુળ ન હતી. પાર્ટીમાં આત્મવિશ્વાસ ડગમગી ગયો હતો.' તેમણે વધુમાં કહ્યું, 'ED અને CBIના દબાણની વાત ખોટી છે. હું કોઈના દબાણમાં આવીને નિર્ણય લેતો નથી. દરેક મામલે કેન્દ્ર સાથે ટકરાવ ખોટો છે.' કૈલાશ ગેહલોત કેજરીવાલ અને આતિશી બંનેની કેબિનેટમાં ખાસ મંત્રીઓમાં સ્થાન ધરાવતા હતા. ગેહલોતે આમ આદમી પાર્ટી પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમને કેજરીવાલને પત્ર લખીને કહ્યું હતું કે 'શીશમહેલ' અને યમુનાની સફાઈ જેવા ઘણા શરમજનક મુદ્દા છે, જેના કારણે દરેક શંકા કરી રહ્યા છે કે શું આપણે હજુ પણ આમ આદમી જ છીએ. કૈલાશ ગેહલોતે પોતાના રાજીનામામાં લખ્યું છે કે દિલ્હી સરકાર પોતાનો મોટાભાગનો સમય કેન્દ્ર સાથે લડવામાં વિતાવશે જેથી રાજ્ય પ્રગતિ કરી શકશે નહિ. મારી પાસે છઈંથી અલગ થવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી અને તેથી હું આમ આદમી પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહ્યો છું. તેમને વધુમાં કહ્યું હતું કે હું પ્રામાણિક રાજનીતિના કારણે જ પાર્ટીમાં જોડાયો હતો, હવે તે નથી રહી. AAPએ કૈલાશ ગેહલોતના રાજીનામાં અંગે કહ્યું હતું કે, 'કૈલાશ વિરુદ્ધ ED અને ઈન્કમ ટેક્સના ઘણા કેસ પેન્ડિંગ છે. ઈડી અને ઈક્રમટેક્સ દ્વારા કૈલાશ ગેહલોત પર ઘણા દરોડા પાડવામાં આવ્યા હતા. તેમની પાસે ભાજપમાં જોડાવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. આ ભાજપનું ગંદુ ષડયંત્ર છે. ભાજપ ઈડી અને સીબીઆઈના બળ પર દિલ્હીની ચૂંટણી જીતવા માંગે છે. કૈલાશ ગેહલોત સુપ્રીમ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટમાં એડવોકેટ પણ છે અને કાનૂની પ્રેક્ટિસમાં ૧૬ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. ગેહલોત ૨૦૦૫ થી ૨૦૦૭ દરમિયાન દિલ્હી હાઈકોર્ટ બાર એસોસિએશનના કાર્યકારી સભ્ય પણ હતા.

## પીજીવીસીએલના વાયરને અડી જતા બગસરામાં આઈશર ટ્રકમાં ભરીને લઈ જવાતુ પશુઓનુ ઘાસ ભડભડ સળગી ઉઠયુ

### સ્થાનિકોએ ઘરનાં પાણીનો છંટકાવ કર્યો



બગસરા, તા. ૧૮

બગસરા આઈશર ભરેલ પશુઓનું ઘાસ ભડભડ સળગી ઉઠયું બગસરા ઝાંઝરીયા રોડ પર અચાનક આઈસર ભરેલ પશુઓનું ઘાસ પીજીવીસીએલના વાયરને ઘાસને અડી જતા આઈસર ભડભડ સળગી ઊઠયું આસપાસના લોકો દોડી ગયા હતા. બગસરા ઝાંઝરીયા રોડ પર નદી પરા વિસ્તારમ પાસેનો આ બનાવ છે ત્યાં વોરા સમાજના એપાર્ટમેન્ટના લોકો રહેતા હોય ત્યાં નજીક આ બનાવ બનેલ છે. ત્યાંના લોકો રહેવાસીઓ દ્વારા પોતાના ઘરે ટાંકામાંથી મોટર ચાલુ કરી તમામ લોકો મદદે આવીને આઈસર ઉપર પાણીનો ફુવારા ચાલુ કર્યા ત્યારબાદ પોણી કલાકે આગ કાબુમાં આવી ત્યારબાદનું નગરપાલિકાનું ફાયર ફાઈટર આવ્યું ત્યાં તો ઘણી ખરી આગ બુજી ગયા બાદ નગરપાલિકાનો બંબો આવ્યો ત્યાંના રહેવાસીઓ દ્વારા પાણીની મોટર ચાલુ કરી આ આગ ઠારવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## મુખ્યમંત્રીનાં આગમનને લઈને ચુસ્ત બંદોબસ્ત દરમિયાન સાવરકુંડલામાં એક પત્રકારને પ્રોટોકોલનાં કારણે સેવાકીય સંસ્થામાં પ્રવેશ ન મળ્યો

### સરકાર તરફથી અપાયેલ કાર્ડ છતાં પ્રવેશથી વંચિત રહ્યા

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં થોડા દિવસો પહેલાં છેક સાવરકુંડલાથી ૨૦૦ કિલોમીટર દૂરથી સાવરકુંડલાની એક સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થાની ન્યૂઝ સ્ટોરી કવરેજ માટે પધારેલ પત્રકારને પ્રશાસનના પ્રોટોકોલનો કડવો અનુભવ થયો હતો. વાત જાણે એમ છે કે થોડા દિવસો પહેલા સાવરકુંડલા ખાતે ગુજરાત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ એક સંસ્થાની મુલાકાત અર્થે પધારેલ અને આ સમય કાળ દરમિયાન ગુજરાતના એક એક્રેડિટેડ અગ્રણી પત્રકાર એજ સંસ્થાની સ્ટોરી ન્યૂઝ કવર કરવા માટે પધારતાં તેમને અંદર પ્રવેશ કરતાં અટકાવવામાં આવેલ. કારણ માત્ર એટલું જ હતું કે એ દિવસે એ સમયે એ સંસ્થાની મુલાકાત ખુદ મુખ્યમંત્રી પોતે લેવાના હતાં. એટલે આપનું નામ સૂચીમાં નથી એટલે હમણાં આપને પ્રવેશ નહીં મળે એવું ત્યાં ફરજ બજાવતા કર્મચારીએ આ વરિષ્ઠ પત્રકારને કહ્યું. આ મહાનુભાવે પોતાનું ઓળખપત્ર અને પોતાનો પરિચય પણ આપ્યો અને પોતે આ સંસ્થાના ન્યૂઝ સ્ટોરી કવરેજ માટે આવેલ છે એમ વિનમ્રતાથી જણાવ્યું. પરંતુ આ તો પ્રશાસન અને વળી પાછું મુખ્યમંત્રી આવતાં હોય સલામતી બંદોબસ્ત ચુસ્ત હોય એ વાત પણ સાચી. અને કર્મચારીઓ એની ફરજ નિભાવે એમાં પણ કશું ખોટું નથી. જો કે આ પત્રકારે વિવેકપૂર્વક વિનંતી સાથે હકિકત જણાવી હતી કે પોતે અહીં સંસ્થાની ન્યૂઝ સ્ટોરી કવરેજ માટે આવ્યા છે. જો પ્રવેશની મંજૂરી આપો તો પોતે પોતાનું કાર્ય કરી શકે. પરંતુ આપનું નામ યાદીમાં નથી એટલે હમણાં પ્રવેશ નહી મળે એવું કહેવામાં આવ્યું. અહીં તો યાદીમાં નામ હોય તો જ અત્યારે પ્રવેશ મળે વડીલ એવો પ્રતિભાવ મળ્યો. !! આમ એક પત્રકાર નિરાશા સાથે ત્યાં ઘણાં સમય સુધી પ્રવેશ માટે ઈંતેજાર કરતાં રહ્યાં. !! આમ ઘણી વખત પ્રોટોકોલ સંદર્ભે પણ થોડો નિરક્ષિર વિવેક દાખવી યોગ્ય પ્રતિસાદ આપવો જોઈએ એ ભાવના પણ કર્મચારીઓ દ્વારા કેળવવાવી જોઈએ. જો કે અધિકારીગણ આજના સાંપ્રત યુગમાં સૂચનાના અમલીકરણ સિવાય સ્વ વિવેકથી કોઈ નિર્ણય લેવાની જવાબદારી ઉઠાવવાની નૈતિક હિંમત દાખવી શકતા નથી એ પણ નરી વાસ્તવિકતા જ ગણી શકાય. પ્રોટોકોલની એક કડવી યાદ એ આ વરિષ્ઠ પત્રકારના જીવનનું એક યાદગાર સંભારણું બનીને પત્રકારત્વને સદાય ઢંઢોળતું રહેશે. !!

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીનું નિવેદન ગુજરાતના નાગરિકોને સુરક્ષા આપાવામાં ભાજપ સરકાર નિષ્ફળ : ૨૪ દિવસમાં ૧૮ હત્યાઓ

### રાજયમાં ધોળે દિ'એ હત્યાઓની ઘટના બની રહી છે

અમદાવાદ, તા. ૧૮

રાજયમાં હત્યા - ખુન - ધાડ સહિતની ઘટનાઓમાં નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે ત્યારે 'આ ગુજરાત મૈં બનાવ્યું' નું કેમ્પન કરનાર ભાજપ 'અસલામત - અસુરક્ષિત ગુજરાત ભાજપે બનાવ્યું' તેની જવાબદારી કયારે સ્વિકારશે? તેવો વેધક પ્રશ્ન પુછતાં ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજયમાં ધોળ દહાડે થઈ રહેલી હત્યાઓ અત્યંત ચિંતાનો વિષય છે. ચૂંટણી સમયે સલામત સુરક્ષિત ગુજરાતના બણગા ફૂકતી ભાજપના શાસનમાં એક મહિનાથી ઓછા સમયમાં ૧૮ હત્યા - ખૂનની ઘટનાઓ ચોપડે નોંધાઈ છે. માત્ર ૧૦ મહિના જેટલા ટૂંકા ગાળામાં અમદાવાદ જેવા મેટ્રો સિટીમાં ૭૮ જેટલા હત્યા - ખૂનની ઘટનાઓ નોંધાઈ છે. બહેન દીકરીઓ પર બળાત્કાર થાય, ડ્રગ્સ-દારૂનો બેફામ વેપાર, વ્યાજખોરોનો આતંક સહિતની ઘટનાઓને રોકવામાં ગૃહવિભાગ નિષ્ફળ નીવડયું છે. નાગરિકોને માત્ર ગુમરાહ કરવા અને ચૂંટણી વખતે મોટા સૂત્રોમાં 'આ ગુજરાત મે બનાવ્યું' ની મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકાર 'અસલામત અસુરક્ષિત ગુજરાત ભાજપે બનાવ્યું'ની જવાબદારી કયારે ? રાજયમાં અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, વલસાડ, બોટાદ, મહેસાણા, અમરેલી સહિતના જિલ્લાઓમાં પોલીસતંત્ર, કાયદાનો જરા પણ ડર ન હોય એમ નાગરિકોની હત્યાની ઘટના થાય એ જ દર્શાવે છે કે ભાજપ સરકારમાં ગુજરાત માત્ર ને માત્ર જાહેરાતોમાં જ સુરક્ષિત છે. બાકી નાગરિકોની સુરક્ષા - સલામતીમાં ભાજપ સરકાર નિષ્ફળ નિવડી છે. તાજેતરમાં અમદાવાદમાં બૂટલેગરો અને અસામાજિક તત્વો દ્વારા યુવકની હત્યા થાય, વલસાડમાં કોલેજીયન યુવતીનું દુષ્કર્મની કરી કરપીણ હત્યા, બોપલમાં પોલીસ કોન્સ્ટેબલ દ્વારા વિદ્યાર્થીની હત્યા, પોલીસની હાજરીમાં પૂર્વ કોર્પોરટરના પુત્રની હત્યા સહિતની ઘટનાઓ બાદ પણ ભાજપ સરકારના પેટનું પાણી હલતું નથી. રાજયમાં એક દિવસમાં સરેરાશ ૬ જેટલી બહેન - દીકરી પર બળાત્કાર થાય શું આ છે ભાજપા સરકારનું સુરક્ષા મોડલ ?ભાજપ સરકારે ચૂંટણી જીતવા અને હવે સત્તા બચાવવા બુટલેગરોને લૂંટનો પરવાનો આપ્યો હોય તેમ બેફામ બન્યા છે. અસામાજિક તત્વો - બુટલેગરોને પોલીસતંત્ર - કાયદાનો ડર રહ્યો નથી. ગુજરાતમાં વધતા જતા ખૂન, હત્યા-ધાડ, ખંડણી સહિતના ગંભીર ગુન્હાઓ માટે ભાજપ સરકારની ઢીલી નિતિ જવાબદાર છે જેનો ભોગ ગુજરાતની ૬ કરોડ જનતા બની રહી છે. ધોળા દિવસે હત્યાને અંજામ આપનારાઓ ખુલ્લે આમ ખેલ ખેલી રહ્યાં છે. 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો' કહેનાર ગૃહરાજય મંત્રી જાગો હવે દિન દહાડે થઈ રહેલી હત્યાઓ માટે પગલા ભરો. ' બૂટલેગરો અસામાજિક તત્વો ફાયદામાં છે. ગુજરાત જાણે છે કે કોના માટે કાયદો અને કોના માટે ફાયદો છે. રાજયમાં કાયદાના રક્ષકના જીવ જોખમમાં મૂકાય છે અને ફાયદો ઉઠાવી રહ્યાં છે બુટલેગરો. પોલીસ જ સલામત નથી તો તે જનતાને કંઈ રીતે રક્ષણ આપશે ? રાજકીય આશ્રય અને ભ્રષ્ટાચારના કારણે બુટલેગરને કોઈનો ડર રહ્યો નથી. જે ગામમાં દૂધના ટેન્કર ફરતા હતા ત્યાં હવે દારૂના ટેન્કરો ઠલવાઈ રહ્યા છે. અબજો રૂપિયાનો ડ્રગ્સ-નશાનો વેપલો ચાલી રહ્યો છે ત્યારે મુખ્યમંત્રી ગુજરાતના નાગરિકોની સલામતી માટે મક્કમ પગલા ભરે.

# સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો ધારાસભ્યએ કરાવ્યો પ્રારંભ






રાજય સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી થાય તે મુદ્દે કટિબદ્ધ હોય ત્યારે ચોમાસુ પાકોમાં મગફળીના થયેલા વ્યાપક વાવેતર બાદ સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડમાં આજે ધારાસભ્ય મહેશ કસવાળાની અધ્યક્ષતામાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીના પુત્ર અને પ્રદેશ યુવા ભાજપના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી દ્વારા ખેડૂતોને આવકાર્યા હતા. જયારે સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડમાં આજથી શરૂ થયેલી ટેકાના ભાવની મગફળી ખરીદીમાં ખેડૂતોને અગવડતા ના પડે ને રજીસ્ટ્રેશન કરાવેલા તમામ ખેડૂતોની મગફળી ખરીદી કરીને ખેડૂતોને ખાસ રાહત થાય અને ખોટી રીતે ખેડૂતોને હેરાનગતિ ના થાય તે અંગે ટેકાના ભાવની ખરીદી કરતા અધિકારીઓને ધારાસભ્યકસવાળાએ ખાસ સૂચના આપેલ હતી. રાજય સરકાર અને ગુજકોમાસોલ દ્વારા થતી ખેડૂતોની મગફળી અંગે ૧૩૫૬ જેવા ભાવો ખેડૂતોને આપીને ખેડૂતોને વ્યાપકફાયદો થાય તેમજ સાવરકુંડલા યાર્ડમાં ૪ હજાર ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યા હોય ત્યારે ખેડૂતોને પૂરતા ભાવો મળે તેવી સરકારની અભિલાષાઓ ખરા અર્થમાં સાર્થક સાબિત થઈ રહી હોવાનુ ધારાસભ્યએ જણાવ્યું હતું. ટેકાના ભાવની ખરીદીમાં ધારાસભ્ય ઉપરાંત સહકારી યુવા નેતા મનિષ સંઘાણી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડયા, તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર ભાજપ મહામંત્રી વિજયસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતના સદસ્યો શરદભાઈ ગોદાણી, લાલભાઈ મોર, યાર્ડના વાઈસ ચેરમેન મહેશભાઈ સહિત યાર્ડના ડાયરેકટરો ઉપસ્થિત રહ્યા હતા. તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું

## વડિયાનાં મોરવાડા ગામની સીમમાંથી

રોયલ ચેલેન્જ વીસ્કી –૧૮૦ નંગ, ઓલસેશન ગોલ્ડ કલેકશન વીસ્કી–૩૬ નંગ, ક્રેઝી બોક્ષર અલ્ટ્રા ફાઈન વીસ્કી–૧૫૬ નંગ અને બીજા છૂટક નંગ ઝડપ્યા હતા. જેની કિંમત રૂપિયા ૨,૦૭,૭૩૭ સાથે એક બ્લેક કલરનું સ્પેલન્ડર મોટર સાઈકલ જેની કિંમત રૂપિયા ૨૦૦૦૦ એમ કુલ મળી ૨,૨૭,૭૩૭નો મુદામાલ જપ્ત કરી મુખ્ય આરોપી મહેન્દ્ર ગભરૂભાઈ બસીયા સામે પ્રોહી એકટની કલમ ૬૫e અને ૧૧૬B મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ રેડમાં વડિયા પોલીસના સુખદેવસિંહ જાડેજા, બી.જે.જાની, એ.જી. મોરી સહીતના જોડાયા હતા અને ઈંગ્લીસ દારૂના ગેરકાયદેસર વેચાણ તે પેહલા તેને ઝડપવામાં સફળ થયા હતા. વડિયા પોલીસની આ રેડથી વડિયા વિસ્તારમાં ઈંગ્લીસ દારૂના વ્યસનીઓ અને વેચનારા બુટલેગરોમાં ફફડાટ વ્યાપતો જોવા મળી રહ્યો છે.



### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન ઈરફાન રહેમાનભાઈ હતુ તે બદલીને નવું નામ અગવાન ઈરફાનભાઈ રેમાનભાઈ રાખેલ છે.

**એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ. બાબરા, જી. અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧**

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન હમીદા ઈમરાન હતું તે બદલીને નવું નામ અગવાન હમીદાબેન ઈમરાનભાઈ રાખેલ છે.

**એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ.બાબરા, જી. અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧**

### નામ બદલાવેલ છે

મારૂ જુનુ નામ અગવાન અનીષાબેન ઈરફાનભાઈ હતુ તે બદલીને નવું નામ અગવાન અનીસાબેન ઈરફાનભાઈ રાખેલ છે.

**એડ્રસ : જુમ્મા મસ્જીદ શેરી બાબરા, પોસ્ટ. બાબરા, જી. અમરેલી (ગુજરાત) ૩૬૫ ૪૨૧**



## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૩૧ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૫૭ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | સોયાબીન | ૮૨૦ | ૮૨૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૭૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૫૬ |
| ૩ | શિંગાદાણા | ૧૦૫૫ | ૧૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૭૫ | ૨૯૦૦ |
| ૫ | તલ કાળા | ૨૫૫૦ | ૪૨૫૦ |
| ૬ | બાજરો | ૩૯૨ | ૪૭૦ |
| ૭ | જુવાર | ૫૧૫ | ૮૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૬૬ | ૬૯૩ |
| ૯ | ઘઉં લોકવન | ૫૭૦ | ૬૫૯ |
| ૧૦ | મકાઈ | ૩૦૦ | ૬૨૬ |
| ૧૧ | અડદ | ૭૦૦ | ૧૬૫૦ |
| ૧૨ | ચણા | ૯૨૦ | ૧૪૩૦ |
| ૧૩ | કપાસ | ૧૦૪૦ | ૧૫૪૮ |
| ૧૪ | એરંડા | ૧૦૦૦ | ૧૨૩૩ |
| ૧૫ | જીરૂ | ૪૩૯૦ | ૪૬૦૦ |
| ૧૬ | ધાણા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ૧૭ | સોયાબીન | ૬૦૦ | ૮૬૭ |
| ૧૮ | રજકાનું બી | ૫૧૭૦ | ૫૪૫૦ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૦૦ | ૨૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૫ |
| ૪ | અડદ | ૧૦૪૦ | ૧૩૦૦ |
| ૫ | સોયાબીન | ૫૭૦ | ૮૨૫ |
| ૬ | બાજરો | ૫૧૮ | ૫૧૮ |
| ૭ | મગફળી | ૬૫૦ | ૧૦૫૧ |
| ૮ | ચણા | ૧૦૨૦ | ૧૪૦૦ |
| ૯ | મકાઈ | ૪૯૦ | ૬૫૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૮૦ |
| ૧૧ | ધાણા | ૧૧૯૦ | ૧૨૫૩ |
| ૧૨ | જુવાર | ૪૦૦ | ૭૦૧ |
| ૧૩ | રજકાબી | ૫૩૦૫ | ૫૩૦૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૨૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૮૧ | ૨૫૮૧ |
| ૪ | તલ કાળા | ૩૫૫૦ | ૩૯૯૧ |
| ૫ | જીરૂ | ૪૦૫૦ | ૪૬૯૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૩૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૦ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૩૦ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૬૬૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | સોયાબીન | ૭૧૦ | ૮૭૨ |

પાના ૮ ઉપરનું ચાલું

## એન્જિયોપ્લાસ્ટી સિવાય અન્ય રોગોની

કરવાનું હોય છે પરંતુ આવા બહેનો પાસે એનકેન પ્રકારે પૈસા વસુલતા હોય છે. જો આવા બહેનોની તપાસ કરવામાં આવે તો આ કૌભાંડ બહાર આવી શકે.

વધુમાં જણાવેલ છે કે, આવા કૌભાંડો આચરતી હોસ્પિટલોને વાંકે જે હોસ્પિટલો સાચી અને સારી રીતે કાયદેસર સારવાર કરતી હોય છે તે બદનામ થાય છે અને આજે લીધે આખો મેડિકલ વ્યવસાય બદનામ થાય છે. આવા કૌભાંડ આચરતી હોસ્પિટલોની પાછલી અસરથી ગંભીરતાપૂર્વક અને કોઈને શેહશરમ રાખ્યા સિવાય તપાસ કરવામાં આવે તો આવા કેટલાયે કૌભાંડો બહાર આવે અને ખોટી સારવાર કરીને દર્દીઓ મૃત્યુ પામ્યા હોય તેનો પણ અંદાજ આવે. આવી હોસ્પિટલો અને ડોકટરો ઉપર કાયદેસર પગલા લેવામાં આવે. આવી તપાસમાં મેડિકલ કાઉન્સીલને જોડવી જોઈએ જેથી તે પણ ડોકટરો ઉપર પગલા લઈ શકે. જેથી ડોકટરો ગેરકાયદેસર રીતે સારવાર ન કરે.

વધુમાં જણાવેલ છે કે, આવું જ એક કૌભાંડ સોનોગ્રાફી મશીન વપરાતું હોય તેવી હોસ્પિટલોમાં થતું હોય છે. સગર્ભા બહેનોનાં પેટમાં ઉછરતું બાળક બાબો છે કે બેબી તે સોનોગ્રાફી કરીને જાણી શકાય છે અને આ રીતે મશીન સ્ત્રી ભ્રુણ હત્યામાં વપરાય છે. પેટમાં બાબો છે કે બેબી તે સગર્ભા બહેનોને કે તેના સગાઓને કે બીજા કોઈને જાણ કરવી ગેરકાયદેસર છે ને તેઓની ઉપર ગુન્હો દાખલ કરી શકાય છે અને કોર્ટમાં કેસ કરી શકાય છે. કેટલીયે જગ્યાએ ડીગ્રી વગરનાં ડોકટરો કે જેઓએ આયુર્વેદિક કે હોમીયોપેજી ડીગ્રી મેળવી હોય અને હોસ્પિટલો ઉભી કરી હોય તેમાં ડીગ્રી વાળા ડોકટરો તરીકે બોલાવી દર્દીઓને સારવાર કરતા હોય છે. આવા ડીગ્રીવાળા ડોકટરો આરોગ્ય શાખામાંથી સોનોગ્રાફી મશીન વાપરવાની મંજૂરી લઈને વાપરતા હોય છે. પણ ઘણી હોસ્પિટલોમાં આવા ડીગ્રીવાળા ડોકટરો પોતાનો વિઝીટીંગ ટાઈમ પુરો થાય ત્યારે જતાં રહેતા હોય છે. પરંતુ પાછળથી જે ડોકટરોને સોનોગ્રાફી વાપરવાની મંજૂરી ન હોય તેઓ આ મશીનનો ઉપયોગ કરીને પોતે બાબો છે કે બેબી તે જાણી સગર્ભા માણાઓમાં ભ્રુણહત્યા કરતા હોય છે અને ત.નો ચાર્જ ન આપે તેટલે લેતા હોય છે. આવી હોસ્પિટલો અને ડોકટરો અમરેલી જિલ્લામાં પણ છે પરંતુ કોઈ કારણોસર આવા ડીગ્રી વિનાનાં ડોકટરો કોઈપણ જાતની બીક રાખ્યા સિવાય સોનોગ્રાફી મશીનનો ગેરકાયદેસર ઉપયોગ કરીને સ્ત્રીભ્રુણ હત્યા કરતા હોય છે. આવા ડોકટરોને આરોગ્ય તંત્રએ દરોડો પાડીને કેસ્ટીંગ ઓપરેશન કરીને પકડી પાડવા જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, આમા અમરેલી જિલ્લામાં લગભગ દરેક તાલુકા લેવલે વિદેશથી મેડિકલની એમબીબીએસ સમકક્ષ ડીગ્રી મેળવીને પ્રાઈવેટ પ્રેકટીશ કરે છે. વિદેશમાં ભણેલ આવા ડોકટરોને ત્યાંની એમ.ડી. (ફીઝીશ્યન) અપાતી હોય છે. આવા વિદેશની ડીગ્રી ધરાવતા ડોકટરોને અહીની એમબીબીએસની પરીક્ષા પાસ કરવી જરૂરી હોય છે અને જો પાસ કરે તો તેઓને અહીની એમબીબીએસની ડીગ્ર આપવામાં આવે છે અને તેઓના નામ પણ અહીનાં એમબીબીએસ રજીસ્ટરમાંથી આપવામાં આવે છે અને તેઓનું રજીસ્ટ્રેશન પણ એમબીબીએસ તરીકે જ થાય છે. પરંતુ આવા વિદેશી ડોકટરો પોતે પોતાની એમ.ડી. (ફીજીશીયલ) તરીકે જે ઓળખાવે છે અને પોતાનાં દવાખાનાનાં બોર્ડમાં પણ તેજ ડીગ્રી બતાવે છે જેથી જનતા તેઓને અહીનું એમડી તરીકે જ ઓળખે છે અને તેઓ પાસે સારવાર લેવા પણ એડી જાણીને જતાં હોય છે. અને આવી છેતરપીંડીથી તેઓનાં જીવ જોખમમાં મુકતા હોય છે. ખરેખર આવા ડોકટરોએ પોતાના બોર્ડમાં કે પ્રસ્ટ્રીપ્શન કાગળમાં એમબીબીએસ જ લખવું જોઈએ અને તેનો રજીસ્ટ્રેશન નંબર પણ સર્ટી. પાસ કરેલ એમબીબીએસનો જ લખવો જોઈએ. આવા ડોકટરોએ અહીની એમડીની એક ટર્મ પણ કરેલ હોતી નથી. આવા ડોકટરોનાં એમડી. (ફીજીશીયન) દર્શાવતા બોર્ડ ઉતારી લેવા જોઈએ. જો તેઓ એમડી તરીકે પ્રેકટીસ કરે તો તેઓ ઉપર કાયદેસર પગલા લઈ શકાય છે. તો આવા બોગસ ડીગ્રીધારક ડોકટરો ધ્યાનમાં આવે તો જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જાનીને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે. સાથોસાથ જો આવા ડોકટરો પોતાના ખોટા બોર્ડ ૧૫ દિવસમાં નહી ઉતારી લે તો તેઓની ઉપર કાયદેસર કોર્ટ કેસ કરવામાં આવશે અને તેઓની એમબીબીએસ ડીગ્રી પણ કેન્સલ કરવાની મેડિકલ કાઉન્સીલને ભલામણ કરવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ખાંભામાં સાધુની જટા કાપી

નામ અર્જુનગીરી બતાવી ભગુડા ગામના સાધુ સાથે નામ બાબતે માથાકુટ કરી કહેલ કે, તુ મુસ્લમાન હે, તુ ફર્જી સાધુ છે, તેમ કહી ભગુડા ગામના સાધુ સાથે બોલાચાલી કરીને બે ત્રણ ઝાપટ ડાબા ગાલ ઉપર મારી જેમ–ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ ભગુડા ગામના સાધુના માથાની જટા કાપી અને તે અંગેનો વિડીયો આરોપીએ તેમના મોબાઈલ ફોનમાં ઉતારી ભગુડા ગામના સાધુની પ્રતિષ્ઠાની માનહાની કરી તું મુસલમાન હૈ તેવા શબ્દો ઉચ્ચારી ધાર્મિક લાગણીઓ દુભાવવાના હેતુપુર્વક ઈરાદાથી તેમજ મુસ્લીમ સમાજના લોકો તથા હિન્દુ સમાજના લોકો વચ્ચે અરાજકતા ફેલાવી રોષ ફેલાઈ અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે બે જુથો અથવા કોમો વચ્ચે દુશ્મનાવટની ધિક્કારની અથવા દ્વેષની પ્રોત્સાહન આપી સુલેહ શાંતિનો ભંગ થાય તેવું અથવા સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે, એવું જાણીજોઈને કૃત્ય કરી ભગુડા ગામના સાધુની ધાર્મિક માન્યતાઓનું અપમાન કરી ભગુડા ગામના સાધુની જટા કાપતા હોય, તે અંગેનો વિડીયો સોશીયલ મીડીયાના માપ્રયમથી વાયરલ કરી તથા ભગુડા ગામના સાધુની જોળીમા રહેલ રોકડા રૂપીયા ૧૦૮૫૦ તથા એક મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦ તથા ૩૦૦ ગ્રામ જેટલા કાજુ બદામ જેની કિમત રૂ.૩૦૦ મળી કુલ રૂપિયા ૨૧,૧૫૦ની લુટ કરી નાશી ગયાની ફરિયાદ આજે ખાંભા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસ ઈન્સપેકટર આર.જી. ચૌહાણે લુંટારાઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતાં.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે લુંટ, ઘરફોડ, ચોરી અંગેના ગુન્હા આચરતા આરોપીઓને તાત્કાલીક પકડવા અને તેમના વિઢપ્રધ કાયદેસરની કાર્યવાહી કરી વણશોધાયેલા ગુન્હા ડીટેકટ કરવા અંગે જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના જરૂરી માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પો.સબ. ઈન્સ.ના માર્ગદર્શન નીચે ખાંભા પોલીસની અલગ–અલગ ટીમો બનાવી અગલ અગલ દિશામાં ટેકનીકલ, હ્યુમન સોર્સના આધારે એક આરોપી અર્જનગીરી ગુરૂ ત્રિકમગીરી મહારાજ રહે ધારેશ્વર મંદિર દેરડી કુંભાજી (તા. ગોંડલ) ને રોકડા રૂપીયા ૧૦,૮૫૦/– તથા મોબાઈલ ફોન–૧ રૂપિયા ૧૦,૦૦૦ મળી રૂપિયા ૨૦,૮૫૦ના મુદ્દામાલ સાથે હળવદ ગામેથી ઝડપી પાડેલ છે.



### જાહેર નોટિસ

**અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– બરવાળા બાવીશી, ગામ, તાલુકો – વડીયા/કુંકાવાવ, જિલ્લો–અમરેલી ના ખાતા નંબર–૪૧૧ના હે.આરે.ચો.મી. ૦–૫૨–૬૧ તથા રે.સ.નં.૪૧૩/૨, ના હે.આરે.ચો.મી.૦–૦૫–૦૬ તથા રે.સ.નં.૪૧૩/૩ ના હે.આરે.ચો.મી. ૦–૦૩–૦૪ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી વોરા બાવચંદભાઈ મોહનભાઈ,** રહે. બરવાળા બાવીશીનાં સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**

### જાહેર નોટિસ

**અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– ખીજડીયા ખારી, ગામ, તાલુકો – અમરેલી, જિલ્લો–અમરેલી ના ખાતા નંબર–૪૧૯, ના રેવન્યુ સર્વે નંબર–૧૩૩/૯ પૈકી ૧ના હે.આરે.ચો.મી. ૧–૧૯–૩૮ વાળી પિયત** ખેતીની જમીન **(૧) રમાબેન જીલુભાઈ ફુવારદા તથા (૨) વિમલભાઈ જીલુભાઈ ફુવારદા તથા (૩) બાલુભાઈ જીલુભાઈ ફુવારદા તથા (૪) વિજયભાઈ જીલુભાઈ ફુવારદા** વીગેરેના સંયુકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**

### જાહેર નોટિસ

**અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– નાજાપુર, ગામ, તાલુકો – વડીયા/કુંકાવાવ, જિલ્લો–અમરેલી ના ખાતા નંબર–૭૮૯ ના રેવન્યુ સર્વે નંબર–૨૮૦ પૈકી ૧, ના હે.આરે.ચો.મી. ૦–૮૦–૯૪ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી (૧) રસીલાબેન હરીગીરી ગોસાઈ, તથા (૨) કર્મેશપરી પ્રકાશપરી ગોસાઈ, તથા (૩) રિધ્ધિ પ્રકાશપરી** વિગેરેના સયુંકત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦(દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**

### જાહેર નોટિસ

**અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– કુંકાવાવ મોટી, ગામ, તાલુકો – વડીયા / કુંકાવાવ, જિલ્લો – અમરેલી ના ખાતા નંબર–૧૩૫૧, ના રેવન્યુ સર્વે નંબર–૬/૧ પૈકી ૧ ના હે.આરે.ચો.મી. ૦–૭૮–૫૧ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી સુખડીયા નીલેશભાઈ ચુનીલાલ,** રહે. અમરેલી નાં સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવાવાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**

### જાહેર નોટિસ

**અમો યોગેશભાઈ ડી. દવે ( એડવોકેટ એન્ડ નોટરી ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,**

**મોજે.– કુંકાવાવ મોટી, ગામ, તાલુકો – વડીયા / કુંકાવાવ, જિલ્લો – અમરેલી ના ખાતા નંબર–૮૮૦, ના રેવન્યુ સર્વે નંબર–૬/૧ પૈકી ૨ ના હે.આરે.ચો.મી. ૦–૭૯–૯૩ વાળી પિયત** ખેતીની જમીન **શ્રી સુખડીયા સુભાષભાઈ લક્ષ્મણભાઈ,** રહે. કુંકાવાવ મોટીનાં સ્વતંત્ર નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરોલીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ – નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો – તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૭ (સાત)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈનાં કોઈ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશુથી જતો યાને (વેઈવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૬/૧૧/૨૦૨૪**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર, મુ.કુંકાવાવ મોટી, તા.વડીયા, જિ.અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે અમારા અસલની સુચનાથી**

## સ્ટેટ માર્ગોને માત્ર નેશનલ હાઈ-વે વિભાગને સોંપીને વાહન ચાલકોને અવઢવમાં રાખવા પ્રયાસ

# અમરેલી જિલ્લામાં નેશનલ હાઈ-વે ડીવાઈડર વગરનાં જોવા મળે

**સામાન્ય રીતે સૌ માને કે નેશનલ હાઈ-વે એટલે ૪ વાહનો અવર-જવર કરી શકે તેવા માર્ગ**

**માર્ગમાં આવન-જાવન કરતા વાહનો આમને સામને ન ટકરાઈ તે માટે ૫ થી ૧૦ ફુટનું વચ્ચે ડીવાઈડર હોય**

**નાગેશ્રી-બાબરા, મહુવા-વડિયા, ઉના-ખાંભા, ધારી નેશનલ હાઈ-વે એટલે સ્ટેટ માર્ગ કરતા થોડી વધારે પહોળાઈ**

**૭ વર્ષ પહેલા નાગેશ્રી-બાબરા, ચોટીલા અને ઉના-ખાંભા-બગસરા માર્ગની જાહેરાત થઈ હજુ સુધી માર્ગ પહોળા થયા નથી**

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લાની જનતાને આઝાદીના ૭૪ વર્ષ બાદ પણ કોઈપણ પક્ષની સરકાર બ્રોડગેજ રેલ્વે અને નેશનલ હાઈ-વે ઉપરાંત, મોટા ઉદ્યોગોની યોગ્ય રીતે સુવિધા આપીશકીનથી. અનેવર્તમાનસરકારની જાહેરાત અને કામગીરી એવા પ્રકારની સાબિત થાય છે કે જનતાને ખબર પડતી નથી કે આ સરકારે સુવિધા આપી છે. લોલીપોપ તે સમજાતું નથી.

વાત કરીએ આજથી ૭ વર્ષ પહેલા ગુજરાત વિધાનસભાની ચુંટણીનાં પ્રચારમાં પધારેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર મંચ પરથી જણાવેલ કે અમરેલી જિલ્લાને બે નેશનલ હાઈ-વેની સુવિધા મળશે.

જેમાં નાગેશ્રી- ખાંભા- ચલાલા - અમરેલી - બાબરા - જસદણ - ચોટીલા અને બીજો માર્ગ ઉના-ધારી-બગસરા વચ્ચેનો હશે. જાહેરાત કર્યાનાં ૬ વર્ષ સુધી સ્ટેટ હાઈ-વેની જવાબદારી નેશનલ હાઈ-વેવિભાગેસવીકારીનહોતીઅને ૩ વર્ષ પહેલા નેશનલ હાઈ-વે વિભાગે સ્વીકારી ન હોતી અને ૩ વર્ષ પહેલા નેશનલ હાઈ-વે વિભાગે નાગેશ્રી - અમરેલી - બાબરા, ચોટીલા અને ઉના -ધારી - બગસરા માર્ગની જવાબદારી લીધી તો ખરી બાદમાં માર્ગને કારપેટ લગાવીને આ માર્ગ નેશનલ હાઈ-વે વિભાગ હસ્તકનો છે. તેવા બોર્ડ લગાવી દીધો. હવે, જયારે, પ્રધાનમંત્રીએ નાગેશ્રી-ચોટીલાઅનેઉના-ધારીમાર્ગને નેશનલ હાઈ-વેની જાહેરાત કરી તો સૌ એમ માનતા હતા કે અમરેલી જિલ્લામાં ડીવાઈડર સાથે અને ૪ વાહનો એકી સાથે ચાલી શકે તેવા પહોળા માર્ગો બનશે પણ એવું થયું નથી.

તદ્દઉપરાંત મહુવા- સાવરકુંડલા - અમરેલી - બગસરા - જેતપુર વચ્ચેનો માર્ગ પર નેશનલ હાઈ-વે વિભાગ પાસે હોય સમગ્ર માર્ગનેફોરલેનબનાવતા નથી તે હકીકત છે. તો નેશનલ હાઈ-વે કક્ષાનો માર્ગ ટુ -લેન હોય તો પછી સ્ટેટ હાઈ-વે અને નેશનલ હાઈ-વે માં ફર્ક શું છે તે વાહન ચાલકો સમજી શકતા નથી.

---

### ગ્રામ્ય સંસ્કૃતિનો પ્રભાવ હજુ પણ મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળે છે

## મોતનો મલાજો પાળવો એ ગ્રામ્ય સંસ્કૃતિના જીવનનો અભિન્ન હિસ્સો ગણાય

**ગાધકડા ગામનાં અગ્રણીનુ નિધન થતાં ગામ બંધ રહ્યું**



સાવરકુંડલા, તા. ૧૮

હજુ પણ ગ્રામ્ય સંસ્કૃતિએ મોટે ભાગે એ સંસ્કાર જાળવી રાખ્યા છે. મોતનુ માતમ સૌને હોય તેવી ભાવના હજુ સુધી તો ગ્રામ્ય વિસ્તારોમાં જળવાઈ છે. વાત જાણે એમ છે કે ગત શુક્રવારે ગાધકડા ગામે ગામના સામાજિક અગ્રણી જીવનભાઈ ગોવિંદભાઈ કલાણીયાનું નિધનથવાના સમાચાર બાદ આ સમાચાર સાંભળીને સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે કોળી સમાજ અગ્રણી જીવનભાઈ ગોવિંદભાઈ કલાણીયાનું હદય રોગના હુમલાને કારણે નિધન થતાં સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું તેમના નિધનના સમાચાર સાંભળીને સમસ્ત ગામના તમામ વેપારીઓ સ્વયંભૂ બંધ પાળીને શોકની લાગણી વ્યક્ત કરી હતી. આમ ગ્રામ્ય સંસ્કૃતિમાં હજુ પણ શહેરી પશ્ચિમી સંસ્કૃતિનો પવન નથી લાગ્યો. અને આમ ગણીએ તો ગામડાંનાં સ્નેહનિતરતાં સામાજિક તાણાવાણાએ માનવજીવનના ધબકારને ખરાં અર્થમાં ધબકતો રાખ્યો છે. ગામના સુખે સુખી અને ગામના દુખે દુખી આવી સહિયારી ભાવના હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં મહદઅંશે વ્યાપ્ત જોવા મળે છે. એટલે જ ગ્રામ્ય લોકજીવનની એક અનોખી ઓળખ પ્રસ્થાપિત થતી હોય છે. શહેરીજીવનની ભાગદોડ વચ્ચે હવે ગામડા તરફ પ્રયાણ કરવાનો સમય આવી ચૂકયો છે એવું અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

---

### સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા

## તેજસ્વી વિદ્યાર્થીઓનો છઠ્ઠો સન્માન સમારોહ યોજાશે

અમરેલી, તા. ૧૮

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા ગુજરાત સ્તરનો સિપાઈ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો તેમજ રમત-ગમત કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જિલ્લામાં, રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ત્રણ નંબર પર સિપ્રિધ પ્રાપ્ત કરેલ યુવાઓનો અને પાસ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા વર્ષ ૨૦૨૩-૨૪ માં સરકારી નોકરી પ્રાપ્ત કરનાર યુવાઓનો છઠ્ઠો સન્માન સમારોહ તા.૨૨/૧૨/ ૨૦૨૪ના રોજ ભાવનગર મુકામે અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ ખાતે યોજવામાં આવનાર છે. જેમાં ધોરણ ૮ અને૯માં ૮૦% કે તેથી વધુ, ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ (કોમર્સ/આર્ટસ) માં ૬૦ % કે તેથી વધુ, ધોરણ ૧૧, ૧૨ (સાયન્સ) માં ૫૦ % કે તેથી વધુ, કોલેજ કે અન્ય ફેકલ્ટીના ગ્રેજયુએશન કે પોસ્ટ ગ્રેજયુએશનમાં ૫૦% કે તેથી વધુ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. આ પ્રમાણેની લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ તથા યુવાનોએ તા. ૨૪/૧૧/૨૦૨૪ સુધીમાં જે તે ગામ કે શહેરના સિપાઈ સમાજ ટ્રસ્ટના કાર્યકરનો સંપર્ક કરી પોતાની લાયકાતનું સર્ટિફિકેટ તથા પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તથા સર્ટિફિકેટની પાછળ પોતાનું આખું નામ, એડ્રેસ, ગામનું નામ, મોબાઈલ નંબર તથા જે સિપાઈ જમાતમાં હોય તે જમાતનું નામ લખી સર્ટિફિકેટ કાર્યકર્તાઓ ને આપી પહોંચ મેળવી લેવી.

વધારે વિગતો માટે અમરેલી જિલ્લા માટે અમરેલી શહેરમાં અબ્દુલભાઈ કુરેશી બાબરા માં ઈમરાનખાન પઠાણ, વડીયામાં મહિરભાઈ સુમરા, લીલીયા મોટામાં મુન્નાભાઈ બેલીમ અને રફીકભાઈ પઠાણ, સાવરકુંડલામાં અયુબભાઈ ચૌહાણ અને સિરાજભાઈ ચેહાણ, રાજુલામાં શબ્બીરભાઈ સોરા, દામનગરમાં અસ્લમભાઈ મોગલ, લાઠીમાં તોફીકભાઈ મોગલ, બગસરામાં બખ્તીયારભાઈ ચેહાણ નો સંપર્ક કરવો.

---

### સદ્ભાવના વૃધ્ધાશ્રમનાં લાભાર્થે

## રાજકોટ ખાતે આગામી ૨૩ નવે. થી પૂ. મોરારીબાપુની વૈશ્વિક રામ કથાનો પ્રારંભ

**૩ હજાર કાર્યકર્તાઓ દિવસ રાત એક કરે છે**



રાજકોટ, તા. ૧૮

વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે પ્રખર રામાયણી પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના''નું આયોજન કરાયું છે. ૨૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. વૈશ્વિક રામકથાની શરૂઆત પૂર્વે તા. ૨૩ નવેમ્બરે ભવ્ય પોથીયાત્રા નીકળશે. આ પોથીયાત્રા સવારે ૮:૩૦ વાગ્યાથી વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડથી શરૂ કરી હેમુ ગઢવી હોલ, દસ્તુર માર્ગ, યાજ્ઞિક રોડ, જિલ્લા પંચાયત ચોક, ફર્નવર્લ્ડ, બહુમાળી ભવન, પોલીસ હેડકવાટર ચોકથી કથા સ્થળ રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી પહોચશે. પોથીયાત્રામાં બે હજાર મહિલા ભકત બહેનો રામચરિત માનસની પોથીઓને પોતાના મસ્તક ઉપર ઉઠાવશે. ડી.જે. બેન્ડવાજા, નાશીક ઢોલ, તરણેતરની રાસ મંડળી સાથે ભવ્ય પોથીયાત્રાનું આયોજન થયું છે. વૈશ્વિક રામકથામાં પધારેલ સંતો, મહંતો અલગ-અલગ બગીઓમાં રાજકોટના ભકતોને દર્શન આપશે. હાથી, ખૂલ્લી જીપ, બુલેટ સમુહ પોથી યાત્રાની શોભા વધારશે. પ્રદર્શન ફલોટસ, વાનર સ્વરૂપ, બાહુબલી હનુમાન સ્વરૂપ, દેવી દેવતાઓ સ્વરૂપ, મીક્કી માઉસ કલોન સાથે અસંખ્ય ભકતો પોથીયાત્રામાં ચાર ચાંદ લગાવશે. સમગ્રપણે ભવ્ય, અદભુત અને યાદગાર પોથીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક સંગીત, રંગોળી, ફુલોની સજાવટ અને શાસ્ત્રોની ભવ્ય રજૂઆત કરવામાં આવશે. શ્રદ્ધાળુઓ રથ સાથે ભજન ગાતા અને શાસ્ત્રોની મહત્તાને વધારતા આગળ વધશે. પોથીયાત્રા હિન્દુ પરંપરામાં ધાર્મિક ગ્રંથો અને શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા અને આદર દર્શાવવાનો વિશિષ્ટ પ્રચાર છે. જયારે કોઈ કથા, યજ્ઞ કે ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે, ત્યારે પોથીયાત્રા દ્વારા શાસ્ત્રોને સન્માનપૂર્વક સભાન કરવામાં આવે છે. પોથીયાત્રા ધર્મ અને સમાજના સાંસ્કૃતિક એકતાનું પણ પ્રતિક છે. યાત્રા થકી લોકોમાં આધ્યાત્મિક જાગૃતિ ઉત્પન્ન થાય છે અને ગ્રંથોના અધ્યયન તથા તેમના સિદ્ધાંતોનું જીવનમાં અમલ કરવાનો સંદેશો મળે છે. આ યાત્રા દ્વારા સમૂહ પ્રાર્થના, ભજન-કીર્તન અને સંસ્કૃતિના પ્રસાર માટે પણ માર્ગદર્શન મળે છે. પોથીયાત્રાનાં આયોજન માટે પોથી યાત્રા મુખ્ય કન્વીનર કિશનભાઈ ટીલવા, વિપુલભાઈ પાનેલિયા તથા કન્વીનર અજયભાઈ રાજાણી, પોથીયાત્રા સમિતિ સભ્યો વસંતભાઈ લીમ્બાસીયા, સાવનભાઈ કાકડીયા, રાકેશભાઈ ભાલાળા, કલ્પેશભાઈ પટેલ, કન્વીનર નિતેશભાઈ કથીરિયા, સુરજભાઈ ડેર, મોહિતભાઈ કાલાવડીયા, દીપકભાઈ કાચા, કપિલ ભાઈ પટેલ સહિતના જહેમત ઉઠાવી રહ્યા છે. રાજકોટનાં લોકો તેમજ જુદા જુદા સ્થળેથી વૈશ્વિક રામકથાનું રસપાન કરવા આવેલા શ્રાવકોને પોથીયાત્રામાં જોડાવવા જાહેર આમંત્રણ છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.

---

### ટેનીસ રમતમાં આગળ વધવાની તક

## અમદાવાદ ખાતેની અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટીમાં વિદેશી કોચ દ્વારા પસંદગી કેમ્પ

**વિનામૂલ્યે તાલીમ પણ આપવામાં આવશે**

અમરેલી,૧૮

સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત અને અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સીટી અમદાવાદ ખાતે ટેનીસ રમતનું બિન-નિવાસી કેન્દ્ર શરૂ કરવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યું આવશે. જે અનુસંધાને શુકન-૬ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ ખાતે કાર્યરત અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી ખાતે ૧૦ થી ૧૪ વર્ષના ટેનીસ રમતના ખેલાડી ભાઈઓ અને બહેનોની પસંદગી વિદેશી કોચ દ્વારા વિના મુલ્યે તલીમ આપવામા આવશે. તા ૨૫/૧૧/૨૪થી તા ૬/૧૨/૨૪ સુધી સવારે ૧૦ કલાકથી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રસ ધરાવતા તમામ ટેનીસ રમતના ખેલાડીઓએ તા.૨૪/૧૧/૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી, જરૂરી પ્રમાણપત્રો (જન્મનો પુરાવો, ટેનીસ રમતની સ્પર્ધામાં મેળવેલ સિદ્ધિઓના પ્રમાણપત્રો, GSTA Ranking, AITA Ranking, ITF Rankingના પ્રમાણપત્ર) સાથે હાજર રહેવાનું રહેશે. આ માટે રજીસ્ટ્રેશન અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી-૯૯૭૮૯૭૧૯૧૯ અને ઈ-મેઈલ આઈડી info@altevol.com સંપર્ક કરવો. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## વીજપડી : મતદાર સુધારણાયાદીનો લાભ લેનારને પૂર્વ સરપંચ પ્રોત્સાહિત કરશે

સાવરકુંડલા, તા. ૧૮

હાલમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીમાં સુધારણા કાર્યક્રમની ઝુંબેશ ચાલી રહી છે જેમાં નવા નામ ઉમેરવા, નામ કમી કરવા, સ્થળ ફેરફાર કરવા વગેરે કાર્યક્રમ ચાલી રહ્યો છે આ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર મહિનાની તારીખ ૧૭ તા ૨૩ અને તા.૨૪ના ખાસ જુંબેશના દિવસો નક્કી કરવામાં આવ્યા છે અને તે દિવસે જે તે મતદાન મથકો ઉપર સુધારા કરવા ખાસ કેમ્પ કરવામાં આવનાર છે જોકે સામાન્ય જનતા આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં ખૂબજ નીરસ રહેતી હોય છે ત્યારે સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામના પૂર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યા એ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમા વિજપડી ગામના લોકોમાં જાગૃતિ આવે અને લોકો પોતાનું નામ તપાસી ફેરફાર કરવા યોગ્ય હોય તો ફેરફાર કરવા માટે પ્રેરાય તે માટે અનોખી ભેટ યોજના રજૂ કરી છે જે મુજબ જે કોઈ ગ્રામજન મતદાર યાદી સુધારણામાં નામ ઉમેરો, નામ કમી, સ્થળ ફેરફાર વગેરે સુધારા કરાવવાની રસીદ રજૂ કરશે તેને પૂર્વ સરપંચ યાકુબભાઈ રસભર્યા પોતાના તરફથી સ્ટીલનો વાટકો ભેટ સ્વરૂપે આપશે રસભર્યાએ આશા વ્યકત કરી છે કે વીજપડીના લોકો ચૂંટણીપંચના આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં જાગૃતિ લઈ ભાગ લેશે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચૂંટણી પંચ પોતાની રીતે કરતું હોય છે ત્યારે તેને પ્રોત્સાહિત કરવા માટે જે તે રાજકીય પક્ષોએ જ આગળ આવવું જોઈએ જો કે જનરલી તેવું બનતું નથી ત્યારે વીજપડીના પૂર્વ સરપંચ યાકુબ રસભર્યા ખુદ આગળ આવ્યા છે અને ગ્રામજનોને મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પ્રત્યે જાગૃત અને પ્રોત્સાહિત કરવા પોતાના તરફથી ઈનામી યોજના જાહેર કરી છે.

---

### ધોળે દિ'એ તસ્કરો ઘરમાં ઘુસી ગયા

## ખાંભાનાં વાંકીયા ગામનાં ખેડૂતનાં રહેણાંક મકાનમાંથી ૨૦ હજારની ઉઠાંતરી

**સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના વાંકીયા ગામે રહેતા જયસુખભાઈ ભીમભાઈ મકવાણા નામનાં ૪૦ વર્ષિય ખેડુત તથા તેમના પત્નિ તા. ૧૭ ના સવારના આઠેક વાગ્યેથી બપોરના આશરે એકાદ વાગ્યા સુધી ગામમાં મજુરી કામે ગયેલ હોય. તે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમે મકાનના તાળા તોડી પ્રથમ રૂમમા લોખંડના કબાટમાં રાખેલ પોતાના મજુરીના રૂપિયા ૨૦,૦૦૦ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

---

# આણંદ ખાતે ધારી અને ખાંભા તાલુકાના ખેડૂત બહેનોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી



રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન અને સહાય મળી રહે તે ઉદેશ્ય સાથે રાજય સરકાર સતત કાર્યરત છે. પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ બોર્ડના તાલીમ ઘટક હેઠળ અમરેલી જિલ્લાના ધારી અને ખાંભા તાલુકાના ખેડૂત બહેનો માટે કૃષિ યુનિવર્સિટી ખાતે ત્રી - દિવસીય પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. આ તાલીમમાં ખેડૂત બહેનોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, રસાયણમુકત ખેતી, ભવિષ્યના વિવિધ ખેતીલક્ષી લાભ સહિતના વિષયોને આવરી લઈ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. અમરેલી જિલ્લામાં આત્મા પ્રોજેકટના અધિકારીઓ દ્વારા સમયાંતરે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોને ત્યાં મુલાકાત કરવામાં આવે છે અને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સાથે ખેતીલક્ષી માહિતીનું આદાન પ્રદાન પણ કરવામાં આવે છે. ઘન જીવામૃતનું મહત્વ અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં ગાયના મહત્વ વિશે પણ આત્મા સ્ટાફ દ્વારા ખેડૂતો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે. ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાના ખેતીલક્ષી અનુભવો જણાવ્યા હતા. અમરેલી આત્મા પ્રોજેકટ દ્વારા સમયાંતરે પ્રાકૃતિક કૃષિ વિષયક સેમિનાર, સંવાદ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સહિત મહિલા ખેડૂતો પણ જોડાઈને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે. ગુજરાત રાજય સરકાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ, સખીમંડળ અને ખેડૂત ગ્રુપ દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જરૂરી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત વગેરે બનાવી ખેડૂતોને વિતરણ કરવા જરૂરી માળખાકિય સુવિધા માટે સંસ્થાઓ ગ્રુપને પ્રોત્સાહન આપવા સહાય યોજના અમલી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં જરૂરી જીવામૃત ઘન જીવામૃત, બીજામૃત, પાક સંરક્ષણ શસ્ત્રો વગેરે બનાવવા માટે દેશી ગાયએ પાયાની જરૂરિયાત છે. દેશી ગાય ન રાખી શકતા હોય કે દેશી ગાય ન હોય ત્યારે અસરકારક રીતે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ મુજબ ખેતી થઈ શકતી નથી. આવું ન બને તે માટે રાજય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટેની માળખાકિય સુવિધાના નિર્માણ માટે રૂ.૧.૨૦ લાખ સુધીની સહાય મળવાપાત્ર છે. ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધે તે માટે રાજયના ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

## અમરેલી ઈન્ડિયન મેડિકલ એસોસીએશનનાં પ્રમુખ ડો. જી.જે. ગજેરાનું નિવેદન

# એન્જિયોપ્લાસ્ટી સિવાય અન્ય રોગોની સારવારમાં પણ ગોલમાલ

**મુઠ્ઠીભર હોસ્પિટલનાં કારનામાઓને લીધે સારી સેવા આપતી હોસ્પિટલ પણ થાય છે બદનામ**

**સરકારે કૌભાંડ કરનાર તબીબ અને હોસ્પિટલનું લાયસન્સ રદ કરવું જોઈએ**

**દરેક કેસનું મેડિકલ ઓડિટ થાય તો જ દર્દીઓને રાહત મળી શકે**

**જિલ્લામાં બોગસ તબીબો સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી**

અમરેલી, તા. ૧૮

અમરેલી ઈન્ડિયન મેડિકલ એસોસીએશનનાં પ્રમુખ ડો. ગજેરાએ જણાવેલ છે કે, તાજેતરમાં અમદાવાદની એક હોસ્પિટલમાં હૃદયરોગની સાવરારનું કૌભાંડ બહાર આવ્યું. જેમાં સરકારી સહાયની યોજનામાં મળતી આર્થિક સહાયમાં ગોટાળા કરીને લાખો–કરોડો રૂપિયા કમાઈ લેવાની લ્હાયમાં દર્દીઓનાં જીવન સાથે ચેડા કરવામાં આવ્યા અને એમાં અમુક દર્દીઓનાં મૃત્યુ પણ થયા. આ તો એક જ હોસ્પિટલનું કૌભાંડ બહાર આવ્યું પણ એ આવી સહાય મેળવવી હોસ્પિટલોની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો અનેક હોસ્પિટલોમાં આવું કૌભાંડ બહાર આવી શકે. આવા કૌભાંડ કરતી હોસ્પિટલોની પાછળ જે સાચી ને સારી હોસ્પિટલો છે તે પણ બદનામ થાય છે. જો ખરેખર કૌભાંડ બહાર લાલવું હોય તો દરેક કેસનું મેડિકલ ઓડિટ થવું જોઈએ જેમાં સાચી હકીકતો જાણી શકાય.

વધુમાં જણાવેલ છે કે, આવા કૌભાંડો હૃદયરોગની હોસ્પિટલમાં થાય છે તેવું નથી બીજી ઘણી સરકારી યોજનાઓ બીજા રોગો માટે દર્દીઓને મળતી હોય છે. અને આવી યોજનાઓમાં લાભ અમુક હોસ્પિટલો લેતી હોય છે. કાર્ડધારક સગર્ભા બહેનો સરકારી યોજના મારફત જાય તો તેઓની પ્રસતિ કેસીઝેરીયન ઓપરેશન મફતમાં

અનુસંધાન પાના ૬ ઉપર

---

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસનો સપાટો

# ખાંભામાં સાધુની જટા કાપી લુંટ ચલાવી નાસી જનાર આરોપી ઝડપાયો

**અરોપી અર્જુનગીરી ગુરૂત્રિકમગીરી મહારાજ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧૮

મહુવા તાલુકાના ભગુડા ગામે આવેલ ભોયરાધાર આશ્રમમાં રહેતા અર્જુનગીરી કાળુભાઈ વાળા નામનાં ૫૫ વર્ષિય સાધુ ગત તા. ૧૨ ના બપોરના આશરે એકાદ વાગ્યે ખાંભા રાજધાની ચોકડી પાસે મંજુમાતાના ખોડીયાર આશ્રમે રહેલ ઓરડામાં આરામ કરતા હતા. તે વખતે બે અજાણ્યા આરોપી અર્જુનગીરી નામના સાધુ તથા એક અજાણ્યા સાધુ આ ભગુડા ગામના સાધુના ઓરડામા ગેરકાયદે ગુહ પ્રવેશ કરી તેમાના એક આરોપી સાધુએ પોતાનુ

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

---

### ધારીનાં ગળધરા ખોડિયાર મંદિરે લાપસી કરવા જતાં

# બગસરાનાં હડાળા ગામ નજીક બોલેરો જીપનાં સ્ટીયરીંગની ચોકડી તૂટી જતાં ચાલકે કાબુ ગુમાવ્યો

**એક મહિલાનું મોત અને અન્ય ૧૫ વ્યકિતઓને નાની–મોટી ઈજા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૮

બગસરા તાલુકાના હડાળા ગામ નજીક એક બોલેરો ગાડી પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો. જેમાં આશરે ૧૫ લોકોને નાની–મોટી ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા તાત્કાલિક બગસરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. જેમાં વિજયાબેન મનોજભાઈ વાવલીયા (ઉંમર વર્ષ ૪૦) રહે. ઢુંઢિયા પીપળીયાનું ઘટનાસ્થળે અકસ્માતમાં મોત નિપજતા લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ત્યારે અન્ય ૧૦ લોકોને વધુ સારવાર અર્થે અમરેલી સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા. તમામ લોકોને સારવાર અર્થે આ અકસ્માત કેવી રીતે બન્યો તેને લઈ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું. આ ઘટના બાબતે ડ્રાઈવર મેહુલભાઈ સંગ્રામભાઈ સાનિયા ને પૂછતા તેમણે જણાવ્યું હતું કે ઢુંઢિયા પીપરીયાથી ધારી ગળધરા લાપસી માટે જતા હતા ત્યારે અચાનક હડાળા પાસે સ્ટેરીંગની ચોકડી તૂટી જતા બોલેરો પલટી મારી ગયો હતો. ડ્રાઈવરને માથાના ભાગે ઈજા પહોંચતી હતી.

---

### બાળકોને ઠપકો આપતાં વિચાર કરવો પડે તેવી સ્થિતિ

# ધારીનાં નાના સમઢીયાળા ગામનાં તરૂણને પિતાએ માવો ખાવાની ના પાડતા ઝેર પીધુ

**તરૂણનું સારવાર દરમિયાન મોત નિપજયું**

અમરેલી, તા. ૧૮

ધારી તાલુકાના નાના સમઢીયાળા ગામે રહેતા જેનીશ દિનેશભાઈ ધામેલીયા નામનાં ૧૭ વર્ષિય તરૂણે માવો ખાતા હોય. જે બાબતે તરૂણને તેમના પિતા દિનેશભાઈએ માવો નહી ખાવાનુ કહેલ અને તે બાબતે ઠપકો આપતા જે વાતનું તરૂણને લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવાનો પાવડર પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.
























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)